ફેબ્રુઆરી ૨૦૨૧

# દાદાવાણી



સામો આપણને ગાળ ભાંડતો
હોય ને માર મારતો હોય
તોય એ 'શુદ્ધ જ છે'
એવો ભાવ ના છોડવો જોઈએ.



## સત્સંગ તેમજ તેને સંબંધી વિવિધ જાણકારી માટેના ડિજીટલ માધ્યમો




## Dadabhagwan App

પરમ પૂજ્ય દાદાશ્રી ની જ્ઞાનવાણી-પુસ્તકો તથા મેગેઝીન રૂપે તથા પૂજ્ય નીરુમા અને પૂજ્ય દીપકભાઈના વિવિધ સત્સંગો તદુપરાંત પુસ્તકો, મેગેઝિન, ફોટો ગેલેરી, ઓડિયો, વિડિયો વગેરે જુઓ તમારા ફોન અને ટેબ્લેટ પર.

Available on |




## Akonnect App

આ એપ દ્વારા આપ મેળવી શકશો પૂજ્ય દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો વિશે નવીનતમ અપડેટ્સ અને અન્ય સત્સંગ વિડિયો, સ્થાનિક સત્સંગ કેન્દ્રના અપડેટ્સ, આગામી કાર્યક્રમોની માહિતી, ઓર્ગેનાઈઝર, વિડિયો વગેરે...

Youth dadabhagwan.org — યુવાનો માટે વેબસાઈટ, જે આજકાલના યુવાવર્ગને મૂંઝવતી સમસ્યાઓને ઊંડાણપૂર્વક સમજી શકાય તેવા લેખ, મેગેઝિન, અનુભવો અને બીજા માધ્યમો દ્વારા અંતર દ્રષ્ટિ આપશે.

Kids. dadabhagwan.org — જ્યાં બાળકોને મળશે પોઝિટિવ દ્રષ્ટિ, નૈતિક મૂલ્યો પર આધારિત વાર્તાઓ, રમતો, મેગેઝિન, પુસ્તકો અને આવાં બીજા માધ્યમો.

youtube.com/
dadabhagwanfoundation

facebook.com/
DadabhagwanFoundation

Dadabhagwan.tv

Dadabhagwan.FM

**24 x 7 જુઓ/સાંભળો**

ઓડિયો બુક્સ ● સત્સંગ ● જીવંત પ્રસારણ ● ઓર્ગેનાઈઝર

વિડિયો ● સામાયિક ● ઈવેન્ટ હાઈલાઈટ્સ ● રીંગટોન

**અને બીજું ઘણું બધું...**

પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈના સત્સંગની ડીવીડી, ભક્તિપદો, આરતી, પ્રાર્થનાની ઓડીયો સીડી અને
પરમ પૂજ્ય દાદા ભગવાનની જ્ઞાનવાણી - પુસ્તકો, મેગેઝિન, **MP3** રૂપે તેમજ આ તમામ સામગ્રી પેન ડ્રાઈવ-હાર્ડ ડ્રાઈવમાં
મેળવવા સંપર્ક કરો : અડાલજ ત્રિમંદિર - ફોન : **9924343805, 9328661166 / 77**
અથવા **satsang.dadabhagwan.org** ની મુલાકાત લો.

વર્ષ : ૨૬, અંક : ૬
સળંગ અંક : ૩૦૬
**ફેબ્રુઆરી ૨૦૨૧**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**

© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર,** સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## શુદ્ધાત્માના લક્ષે, ઉકલે વ્યવહાર

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાને (દાદાશ્રીએ) વ્યવહાર અને નિશ્ચયની બન્ને પાંખોને સમાંતર કરીને મોક્ષમાર્ગે વિહાર કર્યો છે ને લાખોને કરાવ્યો છે. આત્મજ્ઞાન અને વ્યવહાર જ્ઞાનની ટોચ પરની સમજ આપી સંસારમાં જાગૃત કરી આપ્યા છે. જ્ઞાનવિધિ પ્રયોગ દ્વારા મુમુક્ષુઓની રોંગ બિલીફ ફ્રેક્ચર થઈ રાઈટ બિલીફ બેસે છે કે 'હું ચંદુ નથી ને હું શુદ્ધાત્મા છું.' ચંદુ જુદો ને શુદ્ધાત્મા જુદો, એ વાત જે આપણને સમજાય છે તે થિયરેટિકલ છે, પરંતુ સાથે સાથે આ જ્ઞાનની પ્રેક્ટિકલ ગોઠવણી કરી સંસારનો ઉકેલ લાવવો પણ અનિવાર્ય છે.

વ્યવહારમાં આપણા થકી જ્યાં સુધી બીજાને કંઈ પણ દુઃખ થાય છે, કોઈના દોષ કે નેગેટિવ દેખાય છે, કષાયો થાય છે, ત્યાં સુધી મહાત્માઓએ જાગૃત રહેવાની જરૂર છે. કારણ કે હજુ કષાયો ડિસ્ચાર્જમાં ખાલી નથી થયા, ઉપશમ છે. આવા ડિસ્ચાર્જ કષાયોના વિસ્ફોટ થવાના પ્રસંગોમાં કઈ રીતે વીતરાગ રહેવાય, તેની સુંદર, સરળ ને સોંસરી ઉતરી જાય તેવા સચોટ દૃષ્ટાંતો સાથેની સમજ અત્રે પ્રગટ કરવામાં આવી છે.

પ્રસ્તુત અંકમાં શુદ્ધાત્માનું લક્ષ રાખી ચંદુના રોજિંદા જીવન વ્યવહારમાં કેવી રીતે જાગૃતિ રાખવી એવા દાદાના જીવનવ્યવહારના પ્રસંગો વર્ણવાયા છે. જેથી મહાત્માઓને શુદ્ધાત્મા અનુભવવાની સમજણ મળે, જેમ કે ચંદુને કોઈ ગાળ આપે ત્યારે, અપમાન કરે ત્યારે, ઓફિસમાં ચંદુ કોઈને વઢે ત્યારે, કર્તાપદની ભ્રાંતિ વખતે, દોષિત દ્રષ્ટિ વખતે વગેરે. તે સમયે સામાને નિર્દોષ જોઈએ, રિયલમાં શુદ્ધાત્મા જોઈએ, વ્યવસ્થિત કર્તા છે તો શુદ્ધાત્મા અકર્તા છે એવી જાગૃતિ ગોઠવીએ તો ઉકેલ આવે.

બીજાના દોષો જોવાથી, દોષિત દ્રષ્ટિથી સંસાર ખડો છે અને શુદ્ધ દ્રષ્ટિથી સંસાર વિરમે છે. દાદાશ્રી કહે છે કે શુદ્ધાત્મા પદ અનુભવ્યા પછી મને તમારા બધા સાથે કોઈ જુદાઈ નથી રહેતી ને અભેદતા જ રહે છે. કારણ કે નિરંતર આત્મરૂપે રહી જીવમાત્રને શુદ્ધાત્મારૂપે જોઈએ છીએ. હવે મારા ને તમારામાં મને કોઈ ભેદ વર્તાતો નથી, એવી અભેદ દ્રષ્ટિ કેળવાય છે અને એ અભેદ થવા માટે જ આ વિજ્ઞાન છે.

દાદાશ્રી ખૂબ જ કરુણાથી કહે છે કે જ્યાં પાંચ આજ્ઞાનું પાલન છે ત્યાં દાદાનું રક્ષણ કાયમ માથે રહેશે. અમારી એક જ ભાવના છે કે મહાત્માઓ અમારી આજ્ઞા તમારે માથે ને તમારો આખો સંસાર દાદાને માથે! દાદા તમારું બધું રિલેટિવ-રિયલનું સાચવી લેશે. 'હું શુદ્ધાત્મા છું' મોક્ષનું મોબારું કહેવાય. એ પદથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યો છે. હવે મહાત્માઓને પાંચ આજ્ઞાના પુરુષાર્થ થકી અનુભવની શ્રેણી ચડાશે, ત્યારે નિરાલંબ આત્મા અહીં જ અનુભવાશે.

**જય સચ્ચિદાનંદ.**

# શુદ્ધાત્માના લક્ષે, ઉકલે વ્યવહાર

## દિવ્યચક્ષુ આપી બનાવ્યા શુદ્ધાત્મા

કૃષ્ણ ભગવાને મહાભારતના યુદ્ધ વખતે અર્જુનને દિવ્યચક્ષુ આપ્યા હતા. પણ તે પાંચ જ મિનિટ માટે, તેનો વૈરાગ્ય ટાળવા. પછી પાછા લઈ લીધા હતા. અમે તમને પરમેનન્ટ દિવ્યચક્ષુ આપીએ છીએ. પછી જ્યાં જુઓ ત્યાં ભગવાન દેખાય. અમારામાં દેખાય, આમનામાં દેખાય, ઝાડમાં દેખાય ને ગધેડામાંય દેખાય. જીવમાત્રમાં ભગવાન દેખાય, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' જ દેખાય બધેય. પછી છે કંઈ ઉપાધિ ?

જૈનોના મોટા આચાર્ય આનંદઘનજી મહારાજ શું કહી ગયા ત્રણસો વરસ ઉપર કે 'આ કાળમાં દિવ્યચક્ષુનો નિશ્ચયે કરીને વિયોગ થઈ પડ્યો છે.' તેથી બધાએ બારણા બંધ કરી દીધા. આ તો કુદરતી રીતે ગજબનું જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું છે, નેચરલ એડજસ્ટમેન્ટ છે. તે દિવ્યચક્ષુ કલાકમાં જ સુલભ થઈ ગયા છે !

આ જ્ઞાન તો ઠેઠ મોક્ષે લઈ જાય ત્યાં સુધી જોડે જ રહેશે. અહીં અમારી હાજરીમાં અંતઃકરણ શુદ્ધિ થયા કરે. એમાં જે દુઃખ થતા હોય તો તે બંધ થઈ જાય, ઉપરાંત શુદ્ધિ થાય. એ શુદ્ધિથી તો સાચો આનંદ ઉત્પન્ન થાય ! કાયમની શાંતિ થાય !

દેહ સાથે અંતઃકરણની ભેટ મૂકીને એક જ કલાક જ્ઞાની પુરુષ સાથે બેસો તો જગતનો માલિક થાય. અમે એ એક કલાકમાં તો તમારા પાપો ભસ્મીભૂત કરી નાખીએ અને દિવ્યચક્ષુ તમારા હાથમાં આપીએ, શુદ્ધાત્મા બનાવી દઈએ. પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ ને !

## નથી શુદ્ધાત્માને રાગ-દ્વેષ

હવે તમે ચંદુભાઈ* છો કે શુદ્ધાત્મા છો ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** તો શુદ્ધાત્મામાં એક પરમાણુ રાગનું, દ્વેષનું કશું રહ્યું નહીં. માટે તમને સંપૂર્ણ શુદ્ધાત્મા બનાવ્યા છે પદમાં ને શું કરવા આમ કરો છો ? તમને હંડ્રેડ પરસેન્ટ (શુદ્ધાત્મા) પદમાં બેસાડ્યા છે ને, જ્યાં કિંચિત્માત્ર રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ નથી. તમને સમજાઈ ગઈ ને આ આંટી ? આ તો તમારી પહેલાંની આદત છે ને, તે જતી નથી. આદતમાં કે આ મને જ થઈ ગયું. આ તો ગેરન્ટેડ છે. આ કંઈ જેવી તેવી વસ્તુ નથી. આ ગેરન્ટેડ મોક્ષ આપેલો છે, હાથમાં મોક્ષ આપેલો છે. પણ ભોગવતા આવડે એટલું એના બાપનું !

'શુદ્ધાત્મા' તો શુદ્ધાત્મા જ છે, વીતરાગ છે. પણ પ્રકૃતિ રાગ-દ્વેષવાળી છે, એણે વીતરાગ થવાનું છે. પ્રકૃતિ 'વીતરાગ' થવા શુદ્ધાત્માનું જ્ઞાન થવું જોઈએ.

અત્યારે આ જ્ઞાન પછી રાગ-દ્વેષ થતા દેખાય છે ને એ આકર્ષણ ને વિકર્ષણ છે, એ પુદ્ગલનો ગુણ છે, પણ મને આમ થાય છે એમ કહ્યું કે એ રાગ. રાગ-દ્વેષ તે પાછો પોતાનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ રાગ-દ્વેષવાળો છે જ નહીં. આત્મા સ્વભાવે વીતરાગ છે. આ તો પુદ્ગલનો સ્વભાવ છે રાગ-દ્વેષ. એટલે આકર્ષણ ને વિકર્ષણ એ પુદ્ગલનો સ્વભાવ છે. એ પુદ્ગલના સ્વભાવને પોતાનો સ્વભાવ માની અને પોતે એમ કહે છે કે મને રાગ-દ્વેષ થાય છે. એ રોંગ બિલીફ છે. જ્યાં સુધી 'હું પુદ્ગલ છું, હું આ જ છું, ચંદુભાઈ જ છું' ત્યાં સુધી આ વેશ થશે. અને જ્યારે 'હું ચંદુભાઈ' છૂટશે ને 'હું શુદ્ધાત્મા' થશે ત્યારે આ વેશ છૂટી જશે.

એ રાગ-દ્વેષ ત્યાં આત્મા નહીં. આત્મા ત્યાં

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

રાગ-દ્વેષ નહીં. જેટલો રાગ-દ્વેષ ઓછો એટલો આત્મા પ્રગટ. રાગ-દ્વેષ ખલાસ તો આત્મા સંપૂર્ણ. એટલે વીતરાગપદ આપેલું છે. આ કંઈ જેવું તેવું પદ છે ? આ એક્ઝેક્ટ છે. આ વિચાર કરવા જેવું નહીં, અને ચિંતા શરૂ થાય તો જાણવું કે આ વીતરાગતા નથી. એટલે હવે તમે આ તરફ વળ્યા ને, એટલે હવે તમને એના પુષ્ટિના કારણો મળી આવશે. કારણ કે તમે પોતે શુદ્ધાત્મા છો. આ બીજું બધું જે રહે છે ને, તે જ્ઞેયને અને દૃશ્યને તમે આગળ લાવો એ લેવા-દેવા નથી. જ્ઞેય તો આવુંય હોય ને તેવુંય હોય. જ્ઞેય તો, મહીં મનમાં શું કહે, કે 'આપઘાત કરવો પડશે.' પણ તે કોને ? એને ને ! આપણે શું ? આપણે તો જાણનાર છીએ. એટલે આ પદ જુદી જાતનું છે, વીતરાગ પદ છે.

### શુદ્ધાત્મા કઈ રીતે જોવા ?

**પ્રશ્નકર્તા** : શુદ્ધાત્માને કેવી રીતે જોઈ શકાય ?

**દાદાશ્રી :** એવું છેને, કે શુદ્ધાત્મા જોવો એનો અર્થ શું છે ? આ સોનાની દાબડી છે, એની મહીં મૂકેલો હીરો એક ફેરો ખોલીને હું બતાડી દઉં. પછી દાબડી વાસી દઉં, તેથી કરીને કંઈ હીરો જતો રહ્યો નથી. આપણા લક્ષમાં રહે કે એમાં હીરો જ છે. કારણ આપણે તેને જોયો હતો. વળી આપણી બુદ્ધિએ તે દહાડે 'એક્સેપ્ટ' કરેલું છે. અમે જ્ઞાન આપીએ તે ઘડીએ તમારા મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બધાએ 'એક્સેપ્ટ' કરેલું છે. ત્યાર પછી શંકા ઊભી થતી જ નથી.

આ શરીરમાં બે વિભાગ છે, એક ચંચળ વિભાગ અને બીજો અચંચળ વિભાગ. અચળ તે આત્મા છે. મૂળ આત્મા તો શુદ્ધાત્મા છે, એ એક ક્ષણ પણ અશુદ્ધ થયો જ નથી.

આત્મા શુદ્ધ ચેતન છે. આ દેખાય છે ને, એ મિશ્રચેતન દેખાય છે. અને શુદ્ધ ચેતન એ શુદ્ધાત્મા છે અને એ જ પરમાત્મા છે.

જેટલી આ તમને તમારા વેપારમાં ઝીણવટ છે તેટલી જો આત્મામાં ઉતરે તો કામની ! આપણે તદ્દન છાસિયું સોનું લઈ ગયા હોઈએ તોય સોની વઢે નહીં. એ તો માત્ર સોનાને જ જુએ. લોકોનો તો બગાડવાનો જ સ્વભાવ, છતાં સોની તો સોનાને જ જુએ. આ ડૉક્ટરો તો વઢે કે અલ્યા, કેમ શરીર બગાડ્યું ? સોની ના વઢે. જ્ઞાની પુરુષ પણ સોનીની જેમ આત્મા જ જુએ, બહારનો માલ ના જુએ. સોનાની અવસ્થાઓ બદલાય - છાસિયું થાય, પાણી થાય, પાવડર થાય ને તેમાંથી પાછું ચોખ્ખું સોનું થાય. આમ અવસ્થાઓ બદલાયા કરે છતાં સોનું તો સોનું જ રહે છે ! સોનીને સોનામાં જેવું લક્ષ રહે છે, તેવી રીતે તમને આત્મામાં લક્ષ હોય તો કામ થાય ! સોની સોનામાં જ લક્ષ રાખે. બહારથી ગમે તેવું છાસિયું દેખાય પણ લક્ષ સો ટચના સોનામાં જ હોય, તેમ જ્ઞાની પુરુષ ચેતનમાં જ લક્ષ રાખે.

### શુદ્ધાત્મા થઈને વર્તે વ્યવહારમાં

કોઈ માણસ છે તે જેલમાંથી છૂટીને વડાપ્રધાન થયો, તે થયા પછી એ ભૂલે નહીં ને રાત-દહાડો કે હું વડાપ્રધાન છું, ના ભૂલે ને ? તે ભૂલે નહીં એટલે એનું કામેય ચૂકે નહીં. કોઈ પ્રશ્ન પૂછે ને, તો 'હું વડાપ્રધાન છું' એવું સમજીને જ જવાબ આપે. એટલે આપણે શુદ્ધાત્મા થયા ને, તો આપણે શુદ્ધાત્મા સમજીને જ જવાબ આપવાનો. જે થયા તે રૂપનું છે આ. સમજી જાવ. કર્મના ઉદય બહાર જોર કરે તે જુદી વસ્તુ છે. તે તો વડાપ્રધાનનેય જોર કરે. કર્મના ઉદયે કોઈ ઢેખાળો મારે, કોઈ ગાળો ભાંડે. એ તો બધા કર્મના ઉદય તો એમનેય છે ને, પણ એ એમની વડાપ્રધાન તરીકેની ફરજ બજાવે, એવી આપણે શુદ્ધાત્માની

ફરજ બજાવવી પડે. એથી કરીને પોતે 'ચંદુભાઈ છું' એ ભૂલી ના જાય. એમ કંઈ ભૂલે પાલવે ? બધું લક્ષમાં જ હોય ને ?

## આત્મ-અનુભવ પછી શુદ્ધાત્માનું ભાન

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' તેમ સમજાયું છે, પરંતુ તેનું નિરંતર ભાન રહેતું નથી.

**દાદાશ્રી :** ભાન શું વસ્તુ છે એ તમને સમજાવું કે કોઈ સિગરેટ પીતો હોય, તે એનો છોકરો મહીં આમ હાથ અડાડવા જાય. હવે આ છોકરાને આ રોગ ક્યારે જશે ? કોઈ પીવે ત્યારે એને આ હાથ અડાડવા જેવું કરતો હોય ને આમ આમ કરે. એ તો પછી એક દહાડો એના હાથ આમ પકડી જરા સિગરેટ અડાડી આપીએ. તે એ ખૂબ દઝાય. પછી એ અનુભવ ભૂલે નહીં આખી જિંદગી. સળગતી સિગરેટનું જરા લાલ દેખાયું કે ભાગે, લાલ દેખાયું કે ભાગે, એનું નામ અનુભવ કહેવાય. એવો અમે તમને આત્માનો અનુભવ કરાવી આપ્યો છે. ત્યારે તમને શુદ્ધાત્મા રહે છે, એમ ને એમ તે રહેતો હશે ?

અમે તો દઝાડ્યા વગરેય કરી આપીએ આત્માનો અનુભવ ! આ જગતમાં વસ્તુઓનો અનુભવ હઉ દાઝીને કરવો પડે, પણ આ આત્માનો અનુભવ તો પરમાનંદ ! આમાં દાઝવા-કરવાનું નહીં. અમારી જોડે બેસો ત્યારથી જ આનંદ ઉત્પન્ન થાય. શુદ્ધાત્માનું નિરંતર ભાન રહે જ છે, તેથી વધારે શું જોઈએ ?

આ જ્ઞાન તમને નિરંતર હાજર રહે છે. તમે કોર્ટમાં હોય તોય એ 'હું શુદ્ધાત્મા છું' એ ભાન તમને ભાન રહ્યા જ કરે. પાપો ભસ્મીભૂત થયા સિવાય ભાન રહે નહીં કોઈ દહાડોય. આ તો એક શબ્દ તમને કહ્યો હોય તો બીજે દહાડે યાદ ના રહે. ત્યારે આ યાદ નથી રાખવાનું.

## શુદ્ધાત્માની ગાદી પર ના નડે અસરો

**પ્રશ્નકર્તા :** 'તમે શુદ્ધાત્મા છો જ, પણ તેનું ભાન થવું જોઈએ.' તે વ્યવહારમાં કેવી રીતે દાદા, એ સમજાવો.

**દાદાશ્રી :** પોતે શુદ્ધ જ છે. ચંદુભાઈના હાથે કંઈ જીવ મરી ગયો તો પણ પોતાની શુદ્ધતા ન ચૂકે, એનું નામ જ્ઞાન કહેવાય. પોતાને ભ્રાંતિ ઉત્પન્ન ના થાય કે આ મેં માર્યો. કારણ કે મારનાર આપણે છીએ જ નહીં. શુદ્ધ સ્વરૂપ છીએ આપણે. કર્તા-ભોક્તા આપણે છીએ જ નહીં. કર્તા-ભોક્તા છે તેનો આ ગુનો છે. એટલે તમારે તો ચંદુભાઈ શું કરે છે એ જોયા કરવાનું. અને જીવ તેમના હાથે મરી જાય તો આપણે જરા સલાહ આપવી કે 'ચંદુભાઈ, જરા સાચવીને ચાલો તો સારું.' જો સાયન્ટિફિક રીતે જ્ઞાન રહેતું હોય તો મૌન રહો તોય વાંધો નથી પણ સાયન્ટિફિક રીતે આપણા લોકોને રહેતું નથી.

'શુદ્ધ જ છે' એ ભાવ છૂટે નહીં. અને સામો આપણને ગાળ ભાંડતો હોય ને માર મારતો હોય તોય એ 'શુદ્ધ જ છે' એવો ભાવ ના છોડવો જોઈએ.

જગત આખું પ્રતિપક્ષી ભાવથી કર્મ બાંધે છે. સ્વરૂપજ્ઞાનીને પ્રતિપક્ષી ભાવ ના હોય. અસર થાય, પણ કર્મ ના બંધાય ! અને જ્યારે પરાક્રમ ઊભું થાય ત્યારે તો અસર પણ ના થાય. અસરમાં શું થાય કે કોઈ ગાળ ભાંડે તો 'આ મને આવું બોલ્યા જ કેમ,' એમ થાય. પણ પરાક્રમ શું કહે છે, કે 'તે તારી ભૂલ હશે માટે જ કહે છે, ને ખોટ ગઈ તે વેપાર કરતાં આવડતું નથી તેથી.' આમ પોતે પોતાની જોડે વાતચીત કરીએ તો પોતાની ઓળખાણ થાય, પરિચય થાય, 'પોતાની' ગાદી પર, શુદ્ધાત્માની ગાદી પર બેસવાનો પરિચય થાય. આ તો ગાદી પરથી તરત ઊઠી જાય છે ! એ અનાદિકાળનો પરિચય છે તેથી અને ભોગવટો બાકી રહ્યો છે તેથી !

### હોમમાં રહી સુપરફ્લુઅસ વ્યવહાર

આ (સંસાર)માં સુખ નથી એ સમજવું તો પડશે ને ? ભાઈઓ અપમાન કરે, બઈસાહેબ પણ અપમાન કરે, છોકરાં અપમાન કરે ! આ તો બધો નાટકીય વ્યવહાર છે, બાકી આમાંથી કોઈ સાથે ઓછા આવવાના છે ?

તમે પોતે શુદ્ધાત્મા ને આ બધા વ્યવહારો ઉપરછલ્લા એટલે કે 'સુપરફ્લુઅસ' કરવાના છે. પોતે 'હોમ ડિપાર્ટમેન્ટ'માં રહેવું અને 'ફોરેન'માં 'સુપરફ્લુઅસ' રહેવું. 'સુપરફ્લુઅસ' એટલે તન્મયાકાર વૃત્તિ નહીં તે, 'ડ્રામેટિક' તે. ખાલી આ 'ડ્રામા' (નાટક) જ ભજવવાનો છે. 'ડ્રામા'માં ખોટ ગઈ તો પણ હસવાનું ને નફો આવે તો પણ હસવાનું. 'ડ્રામા'માં દેખાવ પણ કરવો પડે, ખોટ ગઈ હોય તો તેવો દેખાવ કરવો પડે ! મોઢે બોલીએ ખરાં કે બહુ નુકસાન થયું, પણ મહીં તન્મયાકાર ના થઈએ. આપણે 'લટકતી સલામ' રાખવાની. ઘણા નથી કહેતા કે ભઈ, મારે તો આની જોડે 'લટકતી સલામ' જેવો સંબંધ છે ! એવી જ રીતે આખા જગત જોડે રહેવાનું. જેને 'લટકતી સલામ' આખા જગત જોડે આવડી એ જ્ઞાની થઈ ગયો. આ દેહ જોડે પણ 'લટકતી સલામ !' અમે નિરંતર બધા જોડે 'લટકતી સલામ' રાખીએ છીએ તોય બધા કહે, કે 'તમે અમારા પર બહુ સારો ભાવ રાખો છો.' હું વ્યવહાર બધાય કરું છું પણ આત્મામાં રહીને.

### શુદ્ધાત્માના ભાન સાથે વ્યવહાર

**પ્રશ્નકર્તા :** વ્યવહારની વાત કરવી અને આત્મામાં રહેવું એ બે સાથે કેવી રીતે બની શકે છે ?

**દાદાશ્રી :** એ સ્વાભાવિક રહે અમને તો.

**પ્રશ્નકર્તા :** અમારે કેવી રીતે શીખવી એ વસ્તુ ?

**દાદાશ્રી :** 'હું બોલતો નથી' એવું ભાન રહે એટલે પછી સ્વાભાવિક રહે. 'હું કર્તા નથી' એવું ભાન રહે એટલે પછી એ જ આવી ગયું ને ! સ્વાદિષ્ટ લાગે એટલે તું કંઈ ખઈ જતો હશે એમાં ? આત્મા ખઈ જતો હશે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ખાનારો જ ખાય, જોનારો જોયા કરે. તમને આપણા વિજ્ઞાનમાં હરકત આવે છે કોઈ જાતની ? ખાનારો જ ખાય છે ને, તમે કોઈ દહાડો ખઈ જતા નથી ને ?

**પ્રશ્નકર્તા :** સમજણ તો એ જ પ્રમાણે છે પણ રહી શકાતું નથી.

**દાદાશ્રી :** માલપુડા તમે ખઈ ગયા હતા ? દૂધપાક ?

**પ્રશ્નકર્તા :** ખરેખર હું નહોતો ખઈ ગયો. ખાધું બધું ચંદુભાઈએ ! ખાતી વખતે યાદ નહોતું રહ્યું.

**દાદાશ્રી :** યાદ નહોતું રહ્યું, પણ એથી કરીને ઓછો એ આત્મા ખઈ ગયો ? કોઈ પણ સ્થિતિમાં આત્મા ચંદુભાઈ થતો નથી હવે. આ આટલું તમે બગાડ્યું તોય નથી થઈ ગયો હજુ. હજુય તમે ફેરફાર કરો આ કહ્યા પ્રમાણે, તો કાલથી રાગે પડી જાય. કારણ કે તમારું રાગે પડેલું છે, સમભાવે નિકાલ કરો છો, વ્યવસ્થિત સમજમાં આવ્યું. ભૂલચૂક થઈ હોય તો સુધરી શકે.

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ મળ્યા પછી ગમે તે વર્તન થાય, છતાં પણ દૃષ્ટિમાં જુદાપણાની જાગૃતિ રહે, તો એ બંધન ખરું ?

**દાદાશ્રી :** વર્તન કોનું છે ? દૃષ્ટિ કોની છે ? 'આ તો મને ચોંટ્યું, મને ચોંટ્યું' કહે તો ચોંટે. નહીં તો મૂઆ, વસ્તુ જુદી થઈ ગઈ. હવે શું

ચોંટવાનું તને અહીં તે ! આત્મા નિર્લેપ જાણ્યો, નિર્લેપ અનુભવ્યો પછી એને શું ચોંટે તે ! અને ચોંટે કે તરત પછી પ્રજ્ઞા તમને ચેતવે ! આજ્ઞા પાળીએ એટલે બંધ ના પડે અને બંધ ના પડે એટલે આત્મા મહીં જુદો જ થઈ ગયો છે.

## કર્તાભાવ વર્ત્યે કર્મબંધન

**પ્રશ્નકર્તા** : શુદ્ધાત્માનું જ્ઞાન કોઈએ લીધું હોય અને કોઈ એને લાફો મારે અને એ સામો લાફો મારે, તો પછી એનામાં જ્ઞાનની અસર નથી થઈ એમ સમજવું કે એનું શુદ્ધાત્મપણું કાચું છે એમ સમજવું ?

**દાદાશ્રી :** શુદ્ધાત્માનું જ્ઞાન કાચું પડ્યું ના કહેવાય.

**પ્રશ્નકર્તા** : તો પછી એણે શાથી લાફો માર્યો સામે ?

**દાદાશ્રી :** એ લાફો માર્યો ને, તે ઘડીએ 'એ' છૂટો હોય છે. અને 'એના' મનમાં પસ્તાવો થાય છે કે 'આવું ના થવું જોઈએ, આવું કેમ થાય છે ?' આ 'જ્ઞાન' એવું છે કે પોતાની એક ભૂલ થઈ હોય તો તરત જ ખબર પડી જાય અને ભૂલ થઈ એવી ખબર પડે ને, એટલે પસ્તાવો થાય જ.

અને આ બન્યું એમાં જ્ઞાનને અને એને લેવાદેવા નથી. આ બધા એના 'ડિસ્ચાર્જ' ભાવો છે.

**પ્રશ્નકર્તા** : શુદ્ધાત્મા થયેલો હોય, આ જ્ઞાન લીધેલું હોય ને 'પરફેક્ટ' હોય, તેની વર્તણૂકમાં શું સમજ પડે અમને ?

**દાદાશ્રી :** એને 'ઈગોઈઝમ' ના હોય, કર્તાપદ ઊડી ગયું હોય.

**પ્રશ્નકર્તા** : એમ માનો ને, કે 'હું નથી કરતો' એવું મને વર્તે છે, તો આ ભાઈને હું લાફો મારું છું ને હું કહું કે 'હું નથી મારતો, શરીરે માર્યું છે. આત્માએ નથી માર્યુ' તો ?

**દાદાશ્રી :** એવું કહેવાય નહીં ને ! 'શરીરે માર્યું છે' એવું બોલાય નહીં. એ તો જોખમ છે. 'શરીરે માર્યું છે, આત્માએ નથી માર્યું' એવું કહે, એવો બચાવ કરે તો આપણે કહીએ, 'ઊભા રહો, શરીરમાં મને સોયો ઘોંચવા દો.' એટલે 'શરીરે માર્યું છે' એવું ના બોલે.

એવું છે, મારવું એ તો એક જાતનો 'ડિસ્ચાર્જ' ભાવ છે. આ 'જ્ઞાન' પછી 'પોતે' 'ચાર્જ' કરતો બંધ થઈ જાય છે. પછી એ 'ડિસ્ચાર્જ' બાકી રહે છે, એનો જોખમદાર રહેતો નથી. 'કર્તા મિટે તો છૂટે કર્મ.' કર્તાપણું એને છૂટી ગયું છે.

**પ્રશ્નકર્તા** : 'આપણે કરીએ છીએ' એ ભાવ જતો રહેવો જોઈએ.

**દાદાશ્રી :** બસ, એટલો ભાવ જતો રહ્યો એટલે કામ પૂરું થઈ ગયું.

## વઢે તે ન્હોય 'હું'

**પ્રશ્નકર્તા :** ઓફિસમાં હું કામ કરું તો ત્યાં આગળ મારે કોઈને વઢવું પડે, કંઈક કહેવું પડે, પણ પછી મને બહુ દુઃખ થાય કે આવું કોઈને કહેવાનું, મારે નિમિત્ત કેમ બનવું પડ્યું ?

**દાદાશ્રી :** એવું છે ને, તમે વઢતા નથી ને ? ચંદુભાઈ વઢે છે કે તમે વઢો છો ?

**પ્રશ્નકર્તા :** ચંદુભાઈ વઢે છે.

**દાદાશ્રી :** તો જવાબદારી તમારે લેવાની જરૂર નહીં. તમારે તો ચંદુભાઈને એમ કહેવું કે 'ભઈ, બહુ વઢો છો તો તમારી શી કિંમત રહેશે ? તમારી આબરૂ જશે !'

**પ્રશ્નકર્તા :** ઘણી વખતે આપણે કુદરતની સામે માણસને એટલો બધો લાચાર થતો જોઈએ

છીએ, તે વખતે કશું જ્ઞાન કે કોઈ વસ્તુ કામ નથી લાગતી, તો ત્યાં શું કરવું એમ ?

**દાદાશ્રી :** એ તમે શુદ્ધાત્મા થયા. શુદ્ધાત્માને લાચારી થાય જ નહીં ને ! આ તો 'તમારે' ચંદુભાઈ ન થવું જોઈએ. 'તમે' ચંદુભાઈ થઈ જાવ, એની જવાબદારી આવે. તમે નક્કી કર્યું કે આપણે કોણ છીએ ખરેખર ? અને ચંદુભાઈ એ તમારું રિલેટિવ સ્વરૂપ છે. એટલે આપણે તો એ થવું જ નહીં.

## અકર્તાપદ ત્યાં સંપૂર્ણ જાગૃતિ

**પ્રશ્નકર્તા :** આત્માને જાણ્યો ક્યારે કહેવાય ? કર્તાપદ છૂટી જાય ત્યારે ?

**દાદાશ્રી :** 'હું આ કરું છું' એ ભાન તૂટી જાય ત્યારે આત્મા જાણ્યો કહેવાય. આખો દિવસ (પોતાની) ભૂલો દેખાડ દેખાડ કરે તે આત્માનુભવ. 'હું આ સંસાર ચલાવું છું' એ ભાન નથી તમને ?

**પ્રશ્નકર્તા :** એ તો એની મેળે ચાલે છે !

**દાદાશ્રી :** એ તો જ્યારે સારું થાય, કોઈ વખાણે કે 'અરે, આમણે આ કેવું સરસ કર્યું !' ત્યારે કહે, 'મેં કર્યું હતું.' અને ખોટું થાય ત્યારે કહેશે, 'આ મારા કર્મના ઉદય ફરી વળ્યા છે !' આખું જગત આવું બોલે છે. કર્તાપદ કોઈ કાળેય છૂટે નહીં. બધું છૂટશે પણ કર્તાપદ નહીં છૂટે. કર્તાપદનું ભાન તૂટે નહીં ત્યાં સુધી અહંકારી કહેવાય ને અહંકાર એટલે ભ્રાંતિ. સંપૂર્ણ ભ્રાંતિવાળાને 'ત્યાં' પેસવા ના દે. કર્તાપદનું ભાન તૂટી જવું જોઈએ કે ના તૂટી જવું જોઈએ ? શુદ્ધાત્મા બોલે ખરા, પણ તેથી કાંઈ વળે નહીં. એ તો કર્તાપદનું ભાન તૂટે ને કર્તા કોણ છે એ સમજાય પછી કામ આગળ ચાલે, નહીં તો કેમ ચાલે ? જ્યાં સુધી કર્તાપદ છે ત્યાં સુધી અધ્યાત્મની જાગૃતિ જ ગણાતી નથી. કર્તાપદ છૂટ્યા સિવાય કોઈ બાપોય પેસવા દે એમ નથી મોક્ષના દરવાજામાં !

'હું ચંદુલાલ છું' એ ભ્રાંતિ તૂટી જવી જોઈએ અને કર્તાપદ છૂટી જવું જોઈએ. પછી નાટકીય કર્તાપદ રહે. 'ડ્રામેટિક' કર્તાપદ એટલે શું ? 'મેં કર્યું' એમ કહે. જેમ ભર્તૃહરિ રાજા નાટકમાં બોલે કે 'હું રાજા છું.' પણ જોડે 'હું લક્ષ્મીચંદ છું ને ઘેર જઈને ખીચડી ખાવાની છે' એ ભૂલી ના જાય. એવી રીતે તમે 'હું શુદ્ધાત્મા છું' એમ ભૂલી ના જાવ ને 'આ મેં કર્યું' એમ બોલો એ 'ડ્રામેટિક' કહેવાય. કર્તાપદનું ભાન તૂટી જવું જોઈએ. નહીંતર શુદ્ધાત્મા તો લોકો ગા ગા કરે જ છે ને ! શાસ્ત્રમાં તો લખ્યું જ છે ઉઘાડું, એવું એ શાસ્ત્ર ગા ગા કરે પણ એથી કંઈ એનો દહાડો વળે એમ નથી. એવું તો અનંત અવતારથી ગાયું છે.

## 'હું શુદ્ધાત્મા' થતા છૂટે કર્તાપણું

અમે જગતને, જીવમાત્રને શુદ્ધ સ્વરૂપે જ જોઈએ. તમે જુઓ છો એમ અમે પણ જોઈએ અને પ્રકૃતિને ઉદય સ્વરૂપ રીતે નિહાળીએ. એકને જોઈએ અને એકને નિહાળીએ. અને કોઈ દોષિત છે નહીં, નિર્દોષ છે જગત. લોકોને દોષિત દેખાતું હશે ? વહુ દોષિત દેખાય, બધા દોષિત જ દેખાય છે ને !

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું ને, એકને અમે જોઈએ અને એકને નિહાળીએ એ સમજાયું નહીં. એ નિહાળીએ અને જોઈએમાં શું ફરક ?

**દાદાશ્રી :** આ આત્માથી જોઈએ, અમે દૃશ્યને દ્રષ્ટા તરીકે જોઈએ, આત્માથી આત્મા જોઈએ અને આ દેહદૃષ્ટિથી ઉદય સ્વરૂપને નિહાળીએ કે કો'કને ગાળો ભાંડે છે એ એનું ઉદય સ્વરૂપ છે, એમાં દોષ નથી આજે. એનો દોષ તો અંદરખાને જે ભાવ કરતો હોય તે એનો દોષ. પણ આપણા મહાત્મા તો ભાવેય કરે નહીં. કર્તાપુરુષ છૂટી ગયો એટલે. 'હું શુદ્ધાત્મા છું' એટલે કર્તાપણું છૂટી ગયું. તમે ખરેખર શુદ્ધાત્મા છો કે ખરેખર ચંદુભાઈ છો ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા છું.

**દાદાશ્રી :** તો પછી કર્તાપણું છૂટી ગયું. 'હું ચંદુભાઈ' એ જ કર્તાપણું હતું. એટલે કર્તાપદ છૂટી ગયું, હવે તમારે કરવાપણું રહ્યું નહીં. તમને કર્મ બંધાય નહીં.

અમને કોઈ કહેશે કે 'તમારી પાછળ આમ બોલતા હતા', મેં કહ્યું, 'બોલે બા.' એ મારું ઉદય સ્વરૂપ છે ને અને એનુંય ઉદય સ્વરૂપ બિચારાનું. અને ઉદય સ્વરૂપ એને અમે નિહાળીએ.

## સારા-ખરાબ સર્ટિફિકેટોમાં સમભાવ

અમારો એક ભત્રીજો છે તે આ ભરૂચ ટેક્સટાઈલ મિલનો શેઠ હતો. તે કહે, 'કાકા, તમે પહેલાં જે હતા, તે તો બગડી ગયા તમે. કાકા કેવા સારા માણસ હતા અને આ ધર્મમાં પડવાથી બગડી ગયા !' ત્યારે મેં એને શું કહ્યું ? 'તું મોટો માણસ એટલે તને સમજણ પડતી નથી આમાં. હું પહેલેથી જ આવો હતો પણ તને ખબર નથી પડી. હું તો જાણું ને કે હું કેવો હતો તે ! આ તો બહુ વસમો માણસ છે તારો કાકો તો !' એ કહે, 'પણ પહેલાં નહોતા ને ?' મેં કહ્યું, 'ના, પહેલેથી જ એવો હતો. તમને ખબર જ નહોતી. હું જોડે ને જોડે રહું ને !' ત્યારે કહે, 'એવું કેવું બોલો છો ?' મેં કહ્યું, 'એ પહેલેથી જાણું. ઓળખું તારા કાકાને !' એટલે પછી એ મને ડિપ્રેસ (હતાશ) કરી શકે નહીં ને ! ત્યારે શું કંઈ આપણે નથી ઓળખતા ? બધુંય ઓળખીએ.

એટલે આવું કહીને નિવેડો લાવી આપીએ પણ 'અમે આવા નથી' એવું ન બોલીએ. પહેલેથી આવું બોલીએ એટલે શું જાણે કે આ પહેલાં ન હતા, તે આવું બોલે છે ! અને એનો કશો અર્થ જ નથી. ઊડાડી મેલે વાત. અને મારું કાંઈ ખોટું છે એવું માને છે આ. 'ત્યારે મૂઆ, તારું શું સાચું છે ? એમ ને એમ ગપ્પાં, સમજ્યા વગર બોલ બોલ કરે છે !' 'તમે તો જરા એ થઈ ગયા ! તમે આમ થઈ ગયા ! તમે કુટુંબ પ્રત્યે હવે ભાવ નથી રાખતા, લગ્નમાં નથી આવતા !' તે પાછો લગ્નમાં જઈ આવું. 'હા, કાકા આવ્યા'તા. કાકા બહુ સારા માણસ !' તે મૂઆ તેનો તે જ તું, તારા કરતા આ મારા સ્કૂલના સર્ટિફિકેટ સારા ! આખી જિંદગી પાસ બતાડે. મેટ્રિક પાસ લખે કે ના લખે ? અને તમે તો ઘડીકમાં સારા, ઘડીકમાં ખોટા ! એટલે એવું આ જગત તો ચાલ્યા કરે. પણ અમે સમભાવે નિકાલ કરી નાખીએ, બહુ સરસ.

## આડું બોલાય ત્યાં સમભાવ

એ તો એક જગ્યાએ અમારા ગામમાં છે તે અમને સત્સંગ માટે બોલાવેલા, તે ત્યાં સત્સંગ કરતા'તા ત્યારે અમારા એક પિતરાઈ ભાઈ તે આડું-તેડું બોલે. તે ભાઈ બેઠો બેઠો બોલ્યો કે હવે નીચે દબાવીને બેઠા છો મોટી રકમ, ખૂબ દબાવીને બેઠા છો એટલે હવે સત્સંગ થાય જ ને નિરાંતે. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ખૂબ દબાવીને બેઠા છો.

**દાદાશ્રી :** હું સમજ્યો કે આ પિતરાઈના ગુણથી બોલ્યો છે આ માણસ. એને સહન ના થાય ને ! મેં કહ્યું, 'ભાઈ, હું શું દબાવીને બેઠો છું તમને શું ખબર પડે ? મારું બેંકમાં શું છે એ તમને શું ખબર પડે ?' ત્યારે એ કહે, 'અરે ! દબાવ્યા વગર તો આવું બોલાય જ નહીં ને, સત્સંગ થાય શી રીતે ?' મેં કહ્યું, 'બેંકમાં જઈને તપાસ કરી આવો.' લાખ આવતા પહેલાં કંઈનું કંઈ બૉમ્બ (ખર્ચ) આવે છે ને વપરાય જાય છે. એટલે ભરાવો તો થતો જ નથી કોઈ દહાડોય અને ભીડ પણ પડી નથી. બાકી કશું દબાયું-કર્યું નથી. કારણ કે અમારી પાસે ખોટું નાણું આવે તો દબાવાય ને ? એવું નાણું જ આવે નહીં એટલે દબાવે શી રીતે ? અને એવું આપણે જોઈતુંય નથી. આપણે તો ભીડ ના પડે, ભરાવો ના થાય.

## વ્યવસ્થિતની બહાર કશું ના બોલે

આ કારણ ખોળવાથી જ જગત ઊભું થયું છે. કારણ કશામાં ખોળશો નહીં. આ તો 'વ્યવસ્થિત' છે. 'વ્યવસ્થિત'ની બહાર કોઈ કશું બોલવાનો નથી. અમથા એના ઉપર તમે જે મનમાં ધારણ કરો ને, તે તમારી ભૂલ. જગત આખું નિર્દોષ છે. નિર્દોષ જોઈને હું તમને કહું છું કે નિર્દોષ છે. શાથી નિર્દોષ છે જગત ? શુદ્ધાત્મા નિર્દોષ ખરા કે નહીં ?

**પ્રશ્નકર્તા :** નિર્દોષ છે.

**દાદાશ્રી :** ત્યારે દોષિત કયું લાગે છે ? આ પુદ્‌ગલ. હવે પુદ્‌ગલ ઉદયકર્મને આધીન છે, આખી જિંદગી. હવે ઉદયકર્મમાં હોય એવું આ બોલે, એમાં તમે શું કરો તે ? જુઓ તો ખરા, આવું સરસ દાદાએ વિજ્ઞાન આપ્યું કે કોઈ દહાડો વઢવાડ જ ના થાય !

## શુદ્ધાત્મા ને ભમરડો બે જ

**પ્રશ્નકર્તા :** આવું સાંભળીએ ત્યારે લાગે દાદાએ કેવા બધા એડજસ્ટમેન્ટ લીધા હશે !

**દાદાશ્રી :** હા, એટલે લમણે લખેલું, તે છૂટકો થાય નહીં ને ! અમારા ગામના હતા, પિતરાઈ હતા, એટલે અમારે હઉ પાંસરા રહેવું પડે એમની પાસે. કો'ક ફેરો ખોટું લાગી જાય ને, તે પાછું સમું કરવું પડે, પાછો હાથ-બાથ ફેરવવો પડે.

પણ ડ્રામેટિક આ બધું. કેવું ? ડ્રામામાં અભિનય ના કરે ને, તો પેલા દંડ કરે. એ સગા હોય ને, એ મને તો એમ કહે, 'તમે તો હવે સત્સંગ કરો છો. તમને તો હવે દુનિયાની કશી પડેલી નથી.' મેં કહ્યું, 'ના, અરે ! તમારા વગર તો મને ગમતું જ નથી.' એવું કહીએ ત્યારે પાછા ખુશ થાય ! લ્યો, પાછા ભૂલી જાય ! એય ભૂલી જાય ને આપણે તો ભૂલેલા જ છીએ ને ! આપણે નાટક કરીને પાછા. 'તમારી વાત તો જુદીને, તમે તો બ્લડ રિલેશનવાળા,' એવું તેવું નાટક કરીને પાછા. આપણી મેળે જો ભાદરણ જઈ આવ્યા ને આપણે ? પિતરાઈઓ ભેગી ઓડ બાંધી નહીં. ગામમાંથી એક-બે જણ ના આવ્યા, આવા વિરોધી હશે તે. ઊલટું, એ બે જણે શું કર્યું ? ઊલટા એ જ્યાં લોકો હોય ત્યાં કહી આવ્યા કે દાદા ભગવાન આવ્યા છે, હં કે. તે એક જણે મને કહ્યું હઉ કે ઊલટા તમને એ પ્રૉપગૅન્ડા (પ્રચાર) કરી આપશે. હા, આ તો ઠેર ઠેર કહી આવ્યા ! 'ત્યાં જશો નહીં, દર્શન કરવા માટે.' આ તો આવું જગત ! એ ભેગો થાય તો અમને એના માટે અભિપ્રાય ના હોય. તે ભેગો થાય એટલે એને ખબર ના પડે કે મારી એમને ખબર છે ! કારણ કે એનો અભિપ્રાય શું રાખવાનો ? એ જ ભમરડો છે જ્યાં. શુદ્ધાત્મા ને ભમરડો બે જ, બીજું છે જ શું ?

એના બાપા દર્શન કરી ગયા'તા બિચારા. અને એણે છે તે ત્યાં આડું જ ગા ગા કર્યું આખા ગામમાં. અને (સત્સંગ કાર્યક્રમમાં) આપણા ભૂંગળા વાગ્યા ને, તે એને ના ગમે. એને પહેલાં સંભળાય, કારણ કે રાહ જોઈને બેસી રહ્યો હોય ને !

એવું જગત છે આ તો ! છતાં એ ભેગો થાય તો એને એમ ના લાગે કે આપણાથી જુદો છે. કારણ કે અમારે જુદાઈ છે નહીં, એ બિચારો ભમરડો છે, ભમરડા માટે શું અભિપ્રાય ? એના હાથમાં સત્તા નથી, સંડાસ જવાની સત્તા નથી. એ જે કરી રહ્યો છે તે બધો મારો જ હિસાબ દેખાડી રહ્યો છે. હાસ્તો, એમાં એની બિચારાની સત્તા છે જ નહીં ને ! એ શુદ્ધાત્મા જ છે, એના શુદ્ધાત્માને આપણા નમસ્કાર છે.

## શુદ્ધાત્મા દૃષ્ટિથી છૂટે અભિપ્રાય

આ તમને અભિપ્રાય રહિત જ જ્ઞાન આપ્યું છે. બાય રીયલ વ્યૂ પોઈન્ટ એ 'શુદ્ધાત્મા' છે અને

બાય રિલેટિવ વ્યૂ પોઈન્ટ એ 'ચંદુભાઈ' છે અને રિલેટિવ માત્ર કર્મના આધીન હોવાથી 'ચંદુભાઈ' પણ નિર્દોષ છે. જો પોતાના સ્વાધીન હોય તો 'એ' દોષિત ગણાત. પણ 'એ' બિચારો ભમરડાની પેઠ છે. એટલે 'એ' નિર્દોષ છે. 'આમ શુદ્ધાત્મા છે અને બહારનું નિર્દોષ છે.' બોલો હવે, ત્યાં આગળ અભિપ્રાય રહિત જ રહેવાય ને !

અભિપ્રાય તો આખોય છૂટી જવો જોઈએ. અભિપ્રાય તો બિલકુલ હોવો જ ના જોઈએ. કિંચિત્‌માત્ર અભિપ્રાય હોય, કોઈ જગ્યાએ ભરાઈ રહ્યો હોય, તો એ તોડી નાખવો ! એવો અભિપ્રાય તો રહેવો જ ના જોઈએ ! અને એ અભિપ્રાય, એ આપણા ન હોય ! એ અભિપ્રાય બધા ચંદુભાઈના ! 'હું તો દાદાએ આપેલો એવો શુદ્ધાત્મા છું' અને શુદ્ધાત્મા તે જ પરમાત્મા છે, એટલું સમજી જવાની જરૂર છે ! આ પાંચ આજ્ઞા આપી છે, એ 'શુદ્ધાત્મા'ના 'પ્રોટેક્શન' માટે છે !

### જાણનાર ને બોલનાર, બે જુદા

**પ્રશ્નકર્તા :** મને જુદું નથી રહેતું એ, શું કરું હું ?

**દાદાશ્રી :** એ છૂટું જ રહે છે. તમે જાણો છો એટલે છૂટું જ કહેવાય ને ! છૂટા વગર જાણે કોણ ? જાણનાર અને બોલનાર બે જુદા હોય છે. એટલે છૂટું જ રહે છે. આત્મા તમારો જુદો રહે છે. તમને ના સમજણ પડી ?

**પ્રશ્નકર્તા :** પડે ને ! મને સામાના કોઈનામાં શુદ્ધાત્મા નથી દેખાતા.

**દાદાશ્રી :** એ શુદ્ધાત્મા દેખાતા નથી, તેનો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા દેખાતો હોય તો દોષ જ ના જોઉં ને ? આ તો મને સામાનો દોષ જ દેખાય છે.

**દાદાશ્રી :** દોષ તો ચંદુલાલ જુએ, વળી તમે ક્યાં જુઓ છો ? આવા ગાંડાં કાઢ કાઢ કરો ! તે ચંદુલાલ દોષો જોતા હોય તો આપણે વઢ વઢ કરીએ એટલે છૂટું થઈ ગયું, પછી વાંધો નથી. જેમ જેમ આપણે વઢીએ ને, તેમ આત્મા મજબૂત થતો જાય. અને એમ કહે કે જો મને આવું થાય છે, તો આત્મા રોળાઈ જાય.

### શુદ્ધાત્મા ના દેખે ત્યાં દોષિત દૃષ્ટિ

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા ના જોઈએ ત્યારે જ દોષિત દેખાય ને ?

**દાદાશ્રી :** દોષિત ક્યારે દેખાય કે શુદ્ધાત્મા ના જોઈએ એટલે દોષિત દેખાય ને બીજું એનું સરવૈયું નથી કાઢ્યું એણે. એક્ઝેક્ટલી (ખરેખર) જો સરવૈયું કાઢીએ તો એ પોતે જ કહે, દોષ જોનારો જ કહે, 'ભઈ, મારી જ ભૂલ છે આ તો.' એટલે આમ એકલું શુદ્ધાત્મા જોવાથીય કંઈ મટે નહીં. એ તો આગળ ને આગળ જ ચાલ્યા કરે. એટલે પદ્ધતિસર નિકાલ થવો જોઈએ. એટલે સરવૈયામાંથી નિકાલ થવો જોઈએ કે કઈ રીતે દોષ નથી એનો. હા, એનો દોષ છે નહીં અને આ દેખાય છે કેમ ?

ભગવાન મહાવીરે કહ્યું કે આખું જગત નિર્દોષ છે, જે કંઈ ભૂલ હતી તે મારી જ હતી અને તે પકડાઈ ગઈ. અને તે મનેય પકડાઈ ગઈ મારી ભૂલ. અને હવે તમને શું કહું છું ? તમારી ભૂલ પકડો. હું બીજું કશું કહેતો જ નથી. જે પતંગનો દોરો મારી પાસે છે તેવો પતંગનો દોરો તમારી પાસે છે. શુદ્ધાત્માનું જ્ઞાન પોતે પ્રાપ્ત કર્યું એટલે પતંગનો દોરો હાથમાં રહ્યો. પતંગનો દોરો હાથમાં ના હોય અને ગુલાંટ ખાય ને બૂમાબૂમ કરીએ, કૂદાકૂદ કરીએ, એમાં કશું વળે નહીં. પણ હાથમાં દોરો હોય તો ખેંચીએ તો ગુલાંટ ખાતો બંધ થઈ જાય કે ના થઈ જાય ? તે દોરો મેં તમારા હાથમાં આપેલો છે.

દોષિત ક્યારે ગણાય ? એનો શુદ્ધાત્મા એવું કરતો હોય ત્યારે. પણ શુદ્ધાત્મા તો અકર્તા છે. એ કશુંય કરી શકે તેમ નથી. આ તો 'ડિસ્ચાર્જ' થાય છે, એમાં તું એને દોષિત ગણે છે. દોષ દેખાય તેનું પ્રતિક્રમણ કરવું. જ્યાં સુધી જગતમાં કોઈ પણ જીવ દોષિત દેખાય છે, ત્યાં સુધી સમજવું કે અંદર શુદ્ધિકરણ થયું નથી, ત્યાં સુધી ઈન્દ્રિય જ્ઞાન છે.

એટલે તમારે આ નિર્દોષ જોવાનું છે. નિર્દોષ દૃષ્ટિથી આમ શુદ્ધાત્મા જોઈને એને નિર્દોષ બનાવવો. એ થોડીવાર પછી પાછું મહીંથી બૂમાબૂમ કરશે. 'આ આવું આવું કરે છે, એને શું નિર્દોષ જુઓ છો ?' એટલે એક્ઝેક્ટલી નિર્દોષ જોવાનો અને જેમ છે તેમ એક્ઝેક્ટલી નિર્દોષ જ છે. કારણ કે આ જગત જે છે ને, તે તમને દેખાય છે એ બધું તમારું પરિણામ દેખાય છે, કૉઝીઝ નથી દેખાતા. હવે પરિણામમાં કોનો દોષ ?

**પ્રશ્નકર્તા :** કૉઝીઝનો દોષ.

**દાદાશ્રી :** કૉઝીઝના કરનારાનો દોષ. એટલે પરિણામમાં દોષ કોઈનો ના હોય. તે જગત પરિણામ સ્વરૂપ છે. આ તો મેં તમને એક નાનામાં નાનું સરવૈયું કાઢતા શીખવ્યું. બીજા બહુ સરવૈયા છે બધા. કેટલાય સરવૈયા ભેગા થયા ત્યારે મેં એક્સેપ્ટ (સ્વીકાર) કર્યું, જગત નિર્દોષ છે એવું. નહીં તો એમ ને એમ એક્સેપ્ટ થાય કંઈ ? આ કંઈ ગપ્પું છે ?

મને જગત નિર્દોષ દેખાય છે. તમારે એવી દૃષ્ટિ આવશે એટલે આ પઝલ સોલ્વ થઈ (કોયડો ઉકલી) જશે. હું તમને એવું અજવાળું આપીશ અને એટલા પાપ ધોઈ નાખીશ કે જેથી તમારું અજવાળું રહે અને તમને નિર્દોષ દેખાતું જાય. અને જોડે જોડે પાંચ આજ્ઞા આપીશું. એ પાંચ આજ્ઞામાં રહેશો તો એ જે આપેલું જ્ઞાન છે, તેને સહેજેય ફ્રેક્ચર નહીં થવા દે.

## 'હું શુદ્ધાત્મા છું' એ જ ધ્યેય

**પ્રશ્નકર્તા :** (શુદ્ધાત્માના) ધ્યેયપૂર્વક રહેવાનું અને આ પ્રકૃતિ ખપાવવાની, એ કેવી રીતે બને ?

**દાદાશ્રી :** આજ્ઞામાં રહે તો. આજ્ઞા એવી ચીજ છે કે બધું તમારું પાર લાવી દે અને પાછું આપણે કંઈ ના ખાવાનું ઓછું કહ્યું છે. થાળીમાં રસ-રોટલી આવી તો સમભાવે નિકાલ કરજો. એ ફાઈલનો શું વાંધો છે ?

**પ્રશ્નકર્તા :** કશો વાંધો નથી.

**દાદાશ્રી :** હં. આ બે બાબા છે તે પૈણાવજો, બેબીને પૈણાવજો, કંઈ ના પાડીએ છીએ ? પણ સમભાવે નિકાલ કરજો. દસ-પંદર લાખ રૂપિયા ખર્ચ કરીને નહીં, રીતસરથી નોર્મલ માણસો કરે એવું.

**પ્રશ્નકર્તા :** મહાત્માઓને આજ્ઞા પાળવી એ ધ્યેય ગણાય ને ?

**દાદાશ્રી :** ના, આજ્ઞા પાળવી એ ધ્યેય નહીં. ધ્યેય તો આત્મા, પણ ધ્યેય પ્રાપ્તિ માટે આજ્ઞા પાળવાની. નહીં તો ધ્યેય પ્રાપ્ત નહીં થાય.

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' ભાન થયું મહાત્માઓને, એટલે ધ્યેય પ્રાપ્ત થયો કહેવાય ને ?

**દાદાશ્રી :** પણ એ ધ્યેયની પૂર્ણાહુતિ થવી જોઈએ ને ! એટલે 'હું શુદ્ધાત્મા છું', એ ધ્યેયપૂર્વક જ ચાલવાનું.

દરેકનામાં ત્રણ વસ્તુ છે; શુદ્ધાત્મા, અહંકાર, પ્રકૃતિ. તમને (મહાત્માઓને) અહંકાર નિર્મૂળ થયો. હવે તમને બે વસ્તુ રહી. એક પ્રકૃતિ અને બીજો શુદ્ધાત્મા. મહાવીર ભગવાને બે ભાગ પાડ્યા : ૧. પ્રકૃતિના પરિણામ, ૨. શુદ્ધાત્માના પરિણામ. તે બન્નેવ જુદી ધારાઓ વહે છે.

## શુદ્ધાત્માથી જુદા પડતા ઓગળે પ્રકૃતિ

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા પદે બેઠા પછી લક્ષ

બેસી ગયું. પછી જાગૃતિ બરોબર, ટોપ ઉપર જ રહેવી જોઈએ ને ! એ આઘીપાછી કેમ થાય ?

**દાદાશ્રી :** એ આઘીપાછી નથી થતી. આઘુપાછું થાય એ જુદું ને આ જાગૃતિ જુદી. બેય જુદું જ ચાલે ને ! છે જ જુદું જુદું.

**પ્રશ્નકર્તા :** આવું જુદું ક્યાં સુધી ? છેક સુધી જુદું ચાલ્યા કરે ?

**દાદાશ્રી :** આ તો ફાઈલો છે ત્યાં સુધી. ફાઈલો છે ત્યાં સુધી અંતરાત્મા. ફાઈલો પૂરી થઈ ગઈ એટલે પરમાત્મા. ઈન્ટ્રિમ ગવર્ન્મેન્ટ (વચગાળાની સરકાર) પછી ફૂલ ગવર્ન્મેન્ટ (પૂર્ણ સરકાર). એટલે આ ફાઈલો હેરાન કરે છે !

**પ્રશ્નકર્તા :** હા. છતાં ફાઈલો હોય બધી, એ આપણા માટે ગમે તેટલું ખરાબ કરતી હોય, એના માટે અંદરથી ભાવ એવો ખરાબ થતો નથી. પણ જ્યારે ફાઈલ સામે આવે કે સામો માણસ નિર્દોષ દેખાવો જોઈએ, એકદમ એવું થવું જોઈએ, એ નથી થતું. થોડીવાર પછી થાય છે.

**દાદાશ્રી :** જાગૃતિ તો હોય છે પણ પોતે કાચો પડી જાય છે. પહેલાંની ટેવ ખરી ને !

**પ્રશ્નકર્તા :** દાદા, એક ફેરો શુદ્ધાત્મામાં બેસાડ્યા પછી કાચા શેના પડે પછી ?

**દાદાશ્રી :** કોઈ ગાળ ભાંડે તો એમાં પાછો હાથ ઘાલી દે. એને એમ થાય કે મને ગાળ ભાંડી. ખરી રીતે એને ગાળ ભાંડતો નથી, એ તો એની જગ્યાએ જ છે. વળી પાછા અહીં ક્યાં આવ્યા ? અક્રમ વિજ્ઞાન શું કહે છે ? દોષિત કોઈ હોતા જ નથી.

'વ્યવસ્થિત' છે તે પ્રેરણા કરે અને પ્રેરણાથી બધું ચાલે. તેને 'આપણે' 'જોયા' કરવાનું. ફિલ્મ અને ફિલ્મને જોનારો બન્નેને થાક ના લાગે. જોનારને થાક ના લાગે ને ફિલ્મને થાક ના લાગે. જોવાથી કશી અસર થતી નથી. જોવાથી-જાણવાથી કોઈ અસર અડે નહીં.

**પ્રશ્નકર્તા :** હવે આ જે ફાઈલ આવી, સમભાવે નિકાલ કર્યો, એ પ્રકૃતિની જે કંઈ ગૂંચો અંદર હતી, જે કંઈ થયું એ બધું આપણે જોયા કરીએ. એ જોયા કરીએ એમ પ્રકૃતિ બધી ચોખ્ખી થતી જાય ને ?

**દાદાશ્રી :** થાય ને બધું, ચોખ્ખી થતી જાય. જેમ તમે જુઓ ને, તેમ તમારી જોવાની શક્તિ વધતી જાય. કારણ કે શક્તિ મલ્ટિપ્લાય (ગુણાકાર) થાય અને ચોખ્ખું થાય. મહીં આનંદ ઊભો થાય. આ તો માથું દુખ્યું તો કહેશે, 'મારે તો માથું બહુ દુખે છે.' અલ્યા, પણ તારું દુખે છે કે ચંદુલાલનું દુખે છે ? તું તો શુદ્ધાત્મા. તો કહે, 'હા, હું તો શુદ્ધાત્મા. એ તો ચંદુલાલનું દુખે છે.' હવે ચંદુભાઈનું માથું દુખે, એમાં 'મને માથું દુખ્યું' કહ્યું એટલે અસર થઈ !

તમે શુદ્ધાત્મા થયા તો પ્રકૃતિ સાહજિક થઈ. સાહજિક એ તો ડખોડખલ કરવા દે એવી હોય નહીં અને સાહજિક થઈ એટલે એ વ્યવસ્થિત છે. એટલે અમે તમને એમ ના કહીએ કે તને ખરાબ વિચાર આવ્યો તો તું ઝેર પી. હવે તો ખરાબ વિચાર આવ્યો તો ખરાબને જાણ્યો ને સારો વિચાર આવ્યો તો સારાને જાણ્યો. પણ આ બધું હવે ઓગળે શી રીતે ? કેટલુંક કંટ્રોલમાં ના આવે એવું. તમે કહો છો ને, તે ના ઓગળે એવી વસ્તુ છે. તેનો આપણે રસ્તો કરવો પડે. એક કલાક બેસી જ્ઞાતા-જ્ઞેયના સંબંધથી એ ઓગળે. જે પ્રકૃતિ ઓગળવી હોય તે આવી રીતે ઓગળે. એટલે એક કલાક બેસી અને પોતે જ્ઞાતા થઈ પેલી વસ્તુની સામે (વસ્તુને) જ્ઞેયરૂપે જુઓ. એટલે એ પ્રકૃતિ ધીમે ધીમે ઓગળ્યા કરે. એટલે બધી પ્રકૃતિ અહીં ખલાસ થાય એવી છે.

## શુદ્ધ સ્વરૂપે જોવાથી, પ્રકૃતિ થાય સહજ

**પ્રશ્નકર્તા :** બીજાની સાથે જો એડજસ્ટ થવું હોય તો પછી એનામાં શુદ્ધાત્મા જ જોવો જોઈએ ને ? જો શુદ્ધાત્મા જોઈએ તો જ એડજસ્ટ થઈ શકાય ને ?

**દાદાશ્રી :** હા, તે બીજું શું ? આ આજ્ઞા પાળે એ એડજસ્ટ જ થઈ જાય. આજ્ઞા પાળો ને શુદ્ધાત્મા જુઓ, એની ફાઈલનેય જુઓ. રિલેટિવને અને રિયલને, બન્ને જુઓ.

**પ્રશ્નકર્તા :** પોતાની પ્રકૃતિને સામાની પ્રકૃતિ સાથે એડજસ્ટ કરાવવી એને બદલે હવે જો 'હું શુદ્ધાત્મા છું' અને સામાને જો શુદ્ધાત્મા જોઉં તો પ્રકૃતિ એની મેળે એડજસ્ટ થઈ જાય ?

**દાદાશ્રી :** થઈ જ જાય. ગોદો મારીએ તો પ્રકૃતિ કૂદે, નહીં તો એવું સરસ-સહજ ભાવમાં આવી જાય. આ અસહજ પોતે થયો ને, એટલે પેલી પ્રકૃતિ કૂદ્યા કરે.

**પ્રશ્નકર્તા :** પણ જેણે જ્ઞાન લીધું છે એની પ્રકૃતિ સહજ થાય, પણ સામાએ ના લીધું હોય એની સહજ થોડી થાય છે ?

**દાદાશ્રી :** પણ જ્ઞાનવાળો બીજાની પ્રકૃતિ જોડે સહજ રીતે કામ કરી શકે, પેલો મડદાલ અહંકાર વચ્ચે મહીં ગોદો ન મારે તો.

**પ્રશ્નકર્તા :** બે માણસો સામસામા હોય, એકે દાદાનું જ્ઞાન લીધેલું છે એટલે એ પોતાની પ્રકૃતિ સહજ કરતો જાય છે, આ પ્રમાણે જ્ઞાનમાં રહીને, પાંચ આજ્ઞા પાળીને, પણ સામો માણસ જે છે, જેણે દાદાનું જ્ઞાન નથી લીધું, તે એની પ્રકૃતિ સહજ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** ના, એને કશું લેવાદેવા નહીં.

**પ્રશ્નકર્તા :** હવે એની પ્રકૃતિ સહજ ના થાય, પણ આપણને વાંધો ના આવે ?

**દાદાશ્રી :** આપણે તો આ જે પાંચ આજ્ઞા છે ને, એ તમારી સેફસાઈડ છે બધી રીતે. એમાં તમે રહો ને, તો કોઈ તમને હેરાન નહીં કરે, વાઘ-સિંહ કશુંય. વાઘને જેટલો વખત તમે શુદ્ધાત્મા તરીકે જુઓ, તેટલો વખત એ એનો પાશવી ધર્મ, પશુયોનિનો જે ધર્મ છે તે ભૂલી જાય. એનો ધર્મ ભૂલ્યો એટલે થઈ રહ્યું, પછી કશું કરે નહીં.

પોતે શુદ્ધાત્મા થાય તો સ્પંદન થવાનું બંધ થાય ને સ્પંદન બંધ થયા તો ધીમે ધીમે સહજતામાં પ્રકૃતિ આવશે. બન્ને સહજતામાં આવી જાય, એનું નામ વીતરાગ.

## શુદ્ધાત્મા જોવા સાથે પ્રકૃતિય નિર્દોષ દેખાય

**પ્રશ્નકર્તા :** એટલે સામામાં શુદ્ધાત્મા જોવાથી એનામાં કોઈ પરિવર્તન આવતું હશે ?

**દાદાશ્રી :** ઓફકોર્સ (ચોક્કસ), તેથી જ હું કહું છું કે ઘરના માણસોને 'શુદ્ધાત્મા' તરીકે જુઓ. કોઈ દહાડો જોયા જ નથી ને ! તમે ઘરમાં પેસતા છે તે મોટા છોકરાને જુઓ તો તમને આમ દૃષ્ટિમાં કશું ના હોય. દૃષ્ટિમાં 'કેમ છો, કેમ નહીં,' બધું કરો પણ અંદરખાને કહે, 'સાલો નાલાયક છે.' એવું જુઓ તો એની અસર થાય. જો શુદ્ધાત્મા જોયા તો એની એવી અસર થાય.

આ જગત નરી અસરવાળું છે. એ એટલું બધું ઈફેક્ટિવ (અસરકારક) છે કે ન પૂછો વાત. આ વિધિઓ કરીએ છીએ તે અમે એવું જ કરીએ છીએ, અસર મૂકીએ છીએ, વિટામીન મૂકીએ છીએ. તે એટલી શક્તિ ઉત્પન્ન થઈ, નહીં તો શક્તિ કેમ કરીને થાય તે ? હું અનંત અવતારની કમાણી લઈને આવ્યો છું અને તમે એમ ને એમ રસ્તે હેંડતા આવ્યા.

**પ્રશ્નકર્તા :** તમે કહેલું કે અમે શુદ્ધાત્માને શુદ્ધાત્મા તરીકે જોઈએ. મહીં આ શુદ્ધાત્મા તો નિર્દોષ છે જ...

**દાદાશ્રી :** એ તો ભગવાન જ છે.

**પ્રશ્નકર્તા :** પણ અમને એની પ્રકૃતિ પણ નિર્દોષ દેખાય છે.

**દાદાશ્રી :** હા, તે પ્રકૃતિ નિર્દોષ દેખાવી જોઈએ.

## શુદ્ધાત્માના આધારે તૂટે પ્રકૃતિનો આધાર

આત્મા અને આ પ્રકૃતિ બન્નેય જુદા છે, સ્વભાવથી જુદા છે, બધી રીતે જુદા છે. સંસારમાં આત્મા બિલકુલેય વપરાતો નથી. આત્માનો પ્રકાશ એકલો જ વપરાયા કરે છે. એ પ્રકાશ ના હોય તો આ પ્રકૃતિ બિલકુલ ચાલેય નહીં. એ પ્રકાશ છે તો આ બધું પ્રકૃતિ ચાલે છે, બાકી આત્મા આમાં કશું જ કરતો નથી.

પોતાનો બનાવેલો મહેલ હોય તો પાડી નાખીએ, પણ આ તો મહેલ પ્રકૃતિનો બનાવેલો છે. માટે પદ્ધતિસર સમજી સમજીને કરવા જેવું છે.

'જ્ઞાની પુરુષ' જાણે કે આ મહેલ શી રીતે ચણાયેલો છે ને આનું કાંગરું ક્યાં મૂકેલું છે, શું કરવાથી પહેલો માળ તૂટી જાય, પછી બીજો માળ ઊડે, એ બધુંય 'જ્ઞાની' જાણે.

પહેલાં શા આધારે જીવતા હતા ?

**પ્રશ્નકર્તા :** મનની ઈચ્છાઓ.

**દાદાશ્રી :** એ બધા આધાર ખોટા હતા. એ ક્યારે નિરાધાર થઈ જાય એ કહેવાય નહીં. કારણ કે પોતાનું કોઈ થાય જ નહીં ને ! આ જગતમાં પોતાનું કોઈ ક્યારેય પણ થાય નહીં. થોડીવાર થાય ને જ્યારે કંઈ મતભેદ પડે કે જુદું. અને મતભેદ પડતાં વાર ના લાગે ને ! એટલે આ આધાર ખોટા છે. એક પોતાના શુદ્ધાત્માનો આધાર એકલો જ સાચો છે અને જો એ પ્રાપ્ત થઈ જાય તો પછી નિરાંત જ ને ! બાકી આ આધારમાં તો લોકો માર ખાઈ ખાઈને થાક્યા છે.

**પ્રશ્નકર્તા** : આધારને વળગેલી જે વૃત્તિ, તે છૂટે કેવી રીતે ?

**દાદાશ્રી :** 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ રહે છે તમને ?

**પ્રશ્નકર્તા** : હા.

**દાદાશ્રી :** તો પછી આધાર રહ્યો જ નહીં, વૃત્તિ રહે જ નહીં. એ જે વૃત્તિ રહે છે તે નિરાધારની છે, આધારની નથી. જ્યારથી આધારીનો આધારભાવ છૂટી જાય છે, પછી જે નિરાધારી થયો તેની જ એ વૃત્તિઓ છે. આપણને એ લક્ષમાં રહેવું જોઈએ કે એ આપણી વૃત્તિ નથી. આપણામાં વૃત્તિઓ નામનું કશું છે જ નહીં. આપણી તો નિજવૃત્તિ, નિજભાવમાં જ રહ્યા કરે છે, સ્વાભાવિક થયા પછી !

## શુદ્ધાત્મા ને પ્રકૃતિ સ્વભાવ

'નિજ સ્વરૂપ'નું ભાન થયા પછી, 'હું શુદ્ધાત્મા છું' એવું બોલ્યો ત્યારથી નિર્વિકલ્પ થવા માંડે અને તે સિવાય બીજું કંઈ બોલ્યો, કે 'હું આમ છું, હું તેમ છું' એ બધું વિકલ્પ, એનાથી બધો સંસાર ઊભો થાય. અને પેલો નિર્વિકલ્પ પદમાં જાય. હવે તેમ છતાંય છે તે આ 'ચંદુભાઈ'ને તો બેઉ કાર્યો ચાલુ રહેવાના જ, સારા ને ખોટા. આમ અવળુંય કરે ને સવળુંય કરે, એ પ્રકૃતિનો સ્વભાવ છે. એકલું અવળું કે એકલું સવળું કોઈ કરી શકે જ નહીં. કોઈ થોડું અવળું કરે, તો કોઈ વધારે અવળું કરે !

**પ્રશ્નકર્તા :** ના કરવું હોય તોય થઈ જવાનું ?

**દાદાશ્રી :** હા, થઈ જ જવાનું એટલે 'હું શુદ્ધાત્મા છું' એમ નક્કી કરીને આ બધું અવળું-સવળું જો ! તને અવળું-સવળું મહીં આવે એટલે તારે મનમાં એમ કલ્પના નહીં કરવાની કે 'મારે અવળું થયું. શુદ્ધાત્મા મારો બગડ્યો !' શુદ્ધાત્મા

એટલે મૂળ તારું સ્વરૂપ જ છે. આ તો અવળું-સવળું થાય છે, એ તો પરિણામ આવેલા છે. પહેલા ભૂલ કરી હતી, તેના આ પરિણામ છે. તે પરિણામ 'જોયા' કરો. અને અવળું-સવળું તો અહીં આગળ લોક ભાષામાં છે. ભગવાનની ભાષામાં અવળું-સવળું કશું છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** અવળું-સવળું જો ભગવાનની ભાષામાં ના હોય તો પછી માથાકૂટ કરવાની જ ક્યાં રહી ?

**દાદાશ્રી :** કશી જ માથાકૂટ કરવાની નથી. તેથી હું કહું છું કે 'જુઓ' અને કોઈને દુઃખ ના થાય. ને દુઃખ થાય તો તેનું પ્રતિક્રમણ કરજો, એમ ભગવાને કહેલું.

**પ્રશ્નકર્તા :** અવળું-સવળું ભગવાનની ભાષામાં ના રહ્યું, તો પછી પ્રતિક્રમણ કરવાનું રહ્યું જ ક્યાં ?

**દાદાશ્રી :** સામાને દુઃખ થાય છે તેથી. સામાને દુઃખ ના થવું જોઈએ, એ ભગવાનની ભાષા ખરી ને !

**પ્રશ્નકર્તા :** પણ આપણો આશય સારો હોય છે, તોય દુઃખી થાય છે ?

**દાદાશ્રી :** આશય સારો હોય, ગમે તે હોય, પણ એને દુઃખ ના થવું જોઈએ. એટલે સામાને દુઃખ થયું ત્યાંથી જ ચોંટશે. એટલે સામાને દુઃખ ના થાય એવી રીતે કામ લેવું.

### શુદ્ધાત્મા પદ પછી પ્રતિક્રમણ શાને ?

શુદ્ધાત્મા શાથી મૂકવામાં આવ્યો છે, કે તમે શુદ્ધ જ છો. હવે ગમે તે આવે. ચંદુભાઈથી કોઈ દોષ થઈ જાય, તોય તમે શુદ્ધ જ છો. દોષ એ પૂર્વકર્મનો હિસાબ છે. હવે પોતાનો હિસાબ છે તો આપણે એનો નિકાલ કરી નાખવો. એ દોષથી સામાને દુઃખ થયું હોય તો આપણે ચંદુભાઈને કહીએ, 'ભઈ, પશ્ચાતાપ કરો. પસ્તાવો લો.' 'ફરી નહીં કરું' એવો નિશ્ચય કરો.

**પ્રશ્નકર્તા :** દાદા, હજુ મને પેલું સમજાતું નથી કે એક શુદ્ધાત્માપદ આપી દીધું, પછી શાને પ્રતિક્રમણ કરવાનું ? પછી એ હોય જ નહીં ને ?

**દાદાશ્રી :** ના, પ્રતિક્રમણ કરીએ તોય વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** કરવાનું એવું મને નથી, પણ કઈ રીતે કરવું ? કાં ચંદુલાલ હોઉં, કાં હું શુદ્ધાત્મા હોઉં.

**દાદાશ્રી :** પ્રતિક્રમણ આપણે પોતાને નથી કરવાના. આત્માને પ્રતિક્રમણ નથી કરવાના. આત્માને કરવાના હોય તો તો એ હોય જ નહીં. આ તો 'ચંદુલાલ'ને આપણે એમ કહેવાનું, પાડોશી તરીકે, કે 'ભઈ, આવું અતિક્રમણ શું કરો છો ?'

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પાડોશમાં આપણે શું કરવા જઈએ ?

**દાદાશ્રી :** પાડોશી એ આપણી પોતાની પહેલાંની ભૂલોનું પરિણામ છે. એ આપણી ગનેગારી છે.

એક વાત કરું તને, એ વાત સાંભળ. એક છોકરો આ અમદાવાદ શહેરમાં જરા શોખમાં ચઢી ગયો હોય અને બેએક હજાર રૂપિયા દેવું કરી નાખ્યું હોય. હવે એ છોકરાએ આજથી એમ નક્કી કર્યું હોય, કે મારે એક પાઈ પણ દેવું નથી કરવું. આજે નક્કી કર્યું અને એક્ઝેક્ટલી એમ જ વર્તે, એક પાઈ દેવું ના કરે અને જેટલો પગાર છે તે ઘેર લાવીને આપી દે. છતાં પણ જે પાછલું દેવું છે તે તો ચૂકવવું જ પડશે ને કે નહીં ચૂકવવું પડે ? હવે નથી કરવું છતાં શાથી પાછલું દેવું ચૂકવવું પડે ? એવું આ 'ચંદુલાલ' એ પાછલી ભૂલોનું ફળ છે. તે તો ચોપડે એનો ઉકેલ તો લાવવો જ પડશે ને ?

**પ્રશ્નકર્તા :** તો પછી જ્ઞાન લીધા પછી કોઈ પ્રતિક્રમણ ના કરવા પડે ને ?

**દાદાશ્રી :** ન કરે તો વાંધો નથી. આ કરવું એવું કંઈ ફરજિયાત નથી.

**પ્રશ્નકર્તા :** મારે કરવાનો સવાલ નથી. મારો એનો વિરોધ પણ નથી, પણ મને સમજવું છે આ. એવો પ્રશ્ન ઊભો થયા કરે છે.

**દાદાશ્રી :** પ્રતિક્રમણ કરવાથી શું થાય છે ? આત્મા એના 'રિલેટિવ' ઉપર પોતાનું દબાણ આપે છે. કારણ કે અતિક્રમણ એટલે શું થયું, કે રીયલ ઉપર દબાણ આપે છે. જે કર્મ એ અતિક્રમણ છે અને હવે એમાં ઈન્ટરેસ્ટ (રસ) પડી ગયો તો ફરી ગોબો પડી જાય. માટે આપણે ખોટાને ખોટું માનીએ નહીં, ત્યાં સુધી ગુનો છે. એટલે આ પ્રતિક્રમણ કરાવવાની જરૂર છે.

## શુદ્ધાત્માના ભાન સાથે જીવંત પ્રતિક્રમણ

**પ્રશ્નકર્તા :** નેચરના હાથમાં ગયું તો પણ પ્રતિક્રમણ કરવાથી શું ફાયદો થાય છે ?

**દાદાશ્રી :** બહુ અસર થાય. પ્રતિક્રમણથી તો સામા માણસને એટલી બધી અસર થાય છે કે જો કદી એક કલાક એક માણસનું પ્રતિક્રમણ કરો તો એ માણસની અંદર કંઈ નવી જાતનો ફેરફાર થઈ જાય, બહુ જબરજસ્ત ફેરફાર થાય. પ્રતિક્રમણ કરનારો તો આ જ્ઞાન આપેલો હોવો જોઈએ. ચોખ્ખો થયેલો, 'હું શુદ્ધાત્મા છું' એવા ભાનવાળો, તો એના પ્રતિક્રમણની તો બહુ અસર થવાની. પ્રતિક્રમણ તો અમારું હથિયાર છે મોટામાં મોટું !

આપણા અહીં બે-ત્રણ કલાક પ્રતિક્રમણ કરે, તે બે-ત્રણ કલાક સુધી તો દોષો જ દેખાય. આને જીવતું પ્રતિક્રમણ કહેવાય. આ પ્રતિક્રમણ કરવા બેસે ને, તે ઘડીએ તો શુદ્ધાત્મા થઈ જ જાય. પ્રતિક્રમણ કરવા બેસે પછી તો પ્રતિક્રમણ થા થા કરે છે કે ? આપણે ના કરવા હોય તોય થયા કરે ?

**પ્રશ્નકર્તા :** હા, પછી થયા કરે.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'બંધ કરી દો હવે તો ?'

**પ્રશ્નકર્તા :** તો ગરગડી ચાલુ જ રહે.

**દાદાશ્રી :** કોણ ચલાવે છે એ ? ત્યારે કહે, 'શુદ્ધાત્મા પ્રાપ્ત થયો છે, આ બધી ક્રિયા છે તે પ્રજ્ઞાની છે. પહેલાં 'અજ્ઞા'ની ક્રિયા હતી. આ જે પેલા લોકો બધા 'શુદ્ધાત્મા' બોલે છે તે 'અજ્ઞા'ની ક્રિયા ચાલુ રહી છે, પ્રજ્ઞાની ક્રિયા ઉત્પન્ન થઈ નથી. શું થયું ? આપણે 'અજ્ઞા'ની ક્રિયા બંધ થઈ ગઈ છે અને પ્રજ્ઞાની ક્રિયા ચાલુ થઈ ગઈ છે. 'અજ્ઞા'ની ક્રિયા શું કરે ? અજ્ઞા એ નિરંતર સંસાર જ વીંટાળ વીંટાળ કરે, નવો નવો રોજ રોજ (સંસાર) ઊભો જ કરી આપે.

## શુદ્ધાત્મારૂપી ગરૂડથી દોષો નાસી જશે

શાસ્ત્રકારોએ એક દાખલો આપ્યો છે કે ભઈ, આ ચંદનના જંગલમાં નર્યા સાપ સાપ સાપ હોય. પેલા ઝાડને વીંટાઈને બધા બેસી જ રહ્યા હોય ઠંડકમાં, ચંદનના ઝાડને વીંટાઈને એના જંગલમાં. પણ એક ગરૂડ આવે કે બધું ભાગમ્ભાગ, ભાગમ્ભાગ થાય એવી રીતે આ મેં ગરૂડ મૂકી આપ્યું છે, બધા દોષો નાસી જશે. શુદ્ધાત્મારૂપી ગરૂડ બેઠું છે. એટલે બધા દોષો નાસી જવાના. અને દાદા ભગવાન માથે છે પછી એને શો ભય ? મારે માથે 'દાદા ભગવાન' છે તો 'મને' આટલી બધી હિંમત છે, તો તમને હિંમત ના આવે ?

**પ્રશ્નકર્તા :** હિંમત તો પૂરેપૂરી આવે !

## શુદ્ધાત્મા છો તો કષાય મુક્ત છો

**દાદાશ્રી :** આ તમને આટલો વખત જ્ઞાન લીધાને થયો, એમાં બધા જે ઉછાળા મહીં મારતા

હતા એ કેટલા બંધ થઈ ગયા ! થોડુંઘણું બંધ થઈ ગયું કે નથી થઈ ગયું ?

**પ્રશ્નકર્તા :** પચાસ ટકા ઉપર.

**દાદાશ્રી :** હવે આ ઉછાળા બંધ કરવા, એનું નામ મુક્તિ. મહીં કશું રહે નહીં. એટલે આ મુક્તિનો માર્ગ એવો સુંદર છે આપણો ! એક-બે અવતારમાં ઉકેલ લાવી નાખે !

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો પરિણામ દેખાય છે. કષાય મંદ પડેલા અનુભવાય છે.

**દાદાશ્રી :** નહીં, કષાય મંદ નહીં, કષાય મુક્ત થયેલા છો.

**પ્રશ્નકર્તા :** હવે સંપૂર્ણ રીતે મુક્ત એમ કહેવું એ જરા વધારે પડતું છે.

**દાદાશ્રી :** કહેવાય ને ! વધારે પડતું નથી.

**પ્રશ્નકર્તા :** એ મંદતા તો વર્તાય જ છે.

**દાદાશ્રી :** જો તમે ચંદુભાઈ છો તો કષાયની મંદતા છે અને તમે 'શુદ્ધાત્મા' છો તો કષાય મુક્ત છો. જેણે કષાયભાવને જીત્યા, તે અરિહંત કહેવાયા ! 'હું શુદ્ધાત્મા છું' ત્યાં કષાયભાવ રહેતા નથી. શુદ્ધ ઉપયોગ હોય ત્યાં આગળ કષાયભાવ રહેતા નથી. શુદ્ધાત્મા ત્યાં કષાય નહીં ને કષાય ત્યાં શુદ્ધાત્મા નહીં. 'અક્રમ જ્ઞાન'માં કષાય થતા જ નથી.

**પ્રશ્નકર્તા :** આ 'અક્રમ જ્ઞાન'ની મહત્તા ને ?

**દાદાશ્રી :** બહુ મોટી મહત્તા છે ! ગજબનો વિકાસ છે આ ! નહીં તો એક અંશ પણ કષાય ઓછા ના થાય.

**પ્રશ્નકર્તા :** હા, એ તો બરોબર. તો એ રીતે કષાય મુક્ત !

**દાદાશ્રી :** ચંદુભાઈ છો તો મંદતા છે. કારણ કે મંદતા જે છે ચંદુભાઈની ને, તે ડિસ્ચાર્જરૂપે છે અને ડિસ્ચાર્જ તો કોઈને છૂટકો ના થાય ને ! હવે તમારામાંથી ક્રોધ-માન-માયા-લોભ બધાય ગયા. તમારામાં કશું રહ્યું જ નથી. તમે શુદ્ધ થઈ ગયા છો. હવે ચંદુભાઈમાં જે માલ છે ભરેલો, એ હવે ડિસ્ચાર્જરૂપે નીકળ્યા કરશે. હવે નવો માલ ચાર્જ થતો બંધ થઈ ગયો. એટલે જે ભરેલો છે એ નીકળ્યા કરશે. તે ડિસ્ચાર્જ માલ નીકળે છે, એમાં ક્રોધ-માન-માયા જેવું લાગે તમને, પણ ખરેખર એ ક્રોધ-માન-માયા-લોભ છે નહીં ! એ ડિસ્ચાર્જ ભાવ છે. ચંદુભાઈ ઉકળે કોઈની જોડે, ગુસ્સે થાય એ ડિસ્ચાર્જ છે, ચાર્જ નથી. આ વિજ્ઞાન છે ! વિજ્ઞાન સમજવાની જ જરૂર છે. એક ક્ષણ પછી ચિંતા ના થાય, ઉપાધિ ના થાય, એવું નિરૂપાધિ !

## જ્ઞાની પુરુષ - ખુદાના આસિસ્ટન્ટ

**પ્રશ્નકર્તા :** એ કહે છે, ઈરાકનું યુદ્ધ ચાલતું હતું. તે વખતે આજુબાજુ બધે બૉમ્બાર્ડીંગ થયા, તે વખતે બધે સળગે, પણ મને કશી અસર નહોતી થઈ. દાદાજીનું જ્ઞાન હાજર રહ્યું કે 'વ્યવસ્થિત છે, હું શુદ્ધાત્મા છું.'

**દાદાશ્રી :** હા, ત્યાં દાદાજી હાજર રહેતા હતા. તે પછી એની બેન તો ભડકી કે એવા કેવા દાદાજી ત્યાં રક્ષણ કરે છે ? એટલે એની બેન આવી દર્શન કરવા કે તારા ગુરુ કેવા છે, તે મારે જોવા આવવું છે. એ 'જ્ઞાની પુરુષ' કેવા છે ! પછી આવીને એના મનમાં ઠીક લાગ્યું, જરા જોતાંની સાથે જ ઠીક લાગ્યું, અંતર ઠર્યું એનું કે ખુદાના આસિસ્ટન્ટ જેવા તો લાગે જ છે !

અમે આ સંસારની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. છેલ્લા પ્રકારની શોધખોળ કરીને અમે આ બધી વાતો કરીએ છીએ. વ્યવહારમાં કેમ કરીને રહેવું તેય આપીએ છીએ અને મોક્ષમાં કેવી રીતે જવાય તેય આપીએ છીએ. તમને અડચણો કેમ કરીને ઓછી થાય એ અમારો હેતુ છે.

## મોટી મુશ્કેલીઓ આવે ત્યારે જ્ઞાન અનુભવાય

આ તો અજાયબ જ્ઞાન આપેલું છે ! રાતે જ્યારે જાગો ત્યારે હાજર થઈ જાય કે 'હું શુદ્ધાત્મા છું.' તમે જ્યાં કહેશો ત્યાં હાજર થશે. અને બહુ મુશ્કેલી આવે તો નિરંતર જાગૃત રહેશે. બહુ મોટી મુશ્કેલી આવી અને એથી વધારે મુશ્કેલી આવી, બહાર બોમ્બ પડવા માંડ્યા'તા તો પછી (શુદ્ધાત્માની) ગુફામાં પેસી જશે, કેવળજ્ઞાની જેવી દશા થઈ જશે ! બહાર બોમ્બ પડવા જોઈએ તો કેવળજ્ઞાન જેવી દશા થઈ જાય એવું જ્ઞાન આપેલું છે.

છતાં આપણે કહીએ, 'બોમ્બ પડે તો સારું ને !' ત્યારે લોકો કહેશે, 'ના, ના પડવા દેશો ભાઈસા'બ, બોમ્બ ના પડવા દેશો.' 'અલ્યા, કેવળજ્ઞાની જેવી દશા થાય એવું છે, પડવા દે ને અહીંથી !' અને બે મચ્છરાં હોય ને મચ્છરદાનીમાં, તો આખી રાત જાગે. 'અલ્યા, કેમ પાછો ઉઠ્યો ?' 'લાઈટ કરી તો મચ્છરા પેસી ગયા.' 'મેર ગાંડીયા, આ મચ્છરાં છે તો ગુફામાં ના રહેવા દે ને બોમ્બ છે તે ગુફામાં રહેવા દે, તો કયું સારું ? બોમ્બ પડે એ ! ઝટ ઉકેલ આવી જાય. આમ ટપલે ટપલે માથું કાણું થાય, એના કરતાં ઉડાડ એક ફેરો સડસડાટ ! ટપલે ટપલે કાણું થાય, કહોવાય, સડે, એના કરતાં ઉકેલ લાવી નાખ ને ! ત્યારે કહેશે, 'આ બોમ્બ પડવાનો છે. હે ભગવાન ! હમણે બોમ્બ ના પડશો !' અલ્યા મૂઆ, પડવા દે ને, તૈયાર થા !

આપણે માંગીએ તોય નથી પડે એવા. અને કિંમતી બોમ્બ કોણ નાખે ? કિંમતી બોમ્બ છે, બધા પડતા હોય તો આપણા મહાત્મા 'ધન્ય દિવસ' કહી (શુદ્ધાત્માની) ગુફામાં પેસી જાય.

બોમ્બ પડે ત્યારે આત્માનો ભૂક્કો ના થાય, પણ બધી વાસનાઓનો ભૂક્કો થઈ જાય. અજ્ઞાની, જેને જ્ઞાન ના મળ્યું હોય તે મૂઓ, 'મારો છોકરો પૈણાવાનો હતો, બંગલો બાંધવો'તો, બધી વાસના અધૂરી રહી.' તે મૂઆ અધૂરી વાસનાએ મરે ને, તે જનાવર થાય પાછો. એકને બોમ્બ પડે તો જનાવર થાય મૂઓ અને એકને બોમ્બ પડે તો મોક્ષના જેવું થાય, કારણ કે એની વાસનાઓ ફ્રેકચર થઈ જાય. એ જાતે ફ્રેકચર કરે એવો છે નહીં !

## આજ્ઞા આપી દાદાએ લીધો સંસારનો ભાર

પાંચ આજ્ઞાઓ પાળે તો બધું ઝડપી ને પાંચ આજ્ઞા જ એનું એ કારણ છે. પાંચ આજ્ઞા પાળે એટલે આવરણ તૂટતું જાય, શક્તિઓ પ્રગટ થતી જાય. તે અવ્યક્ત શક્તિ છે, એ વ્યક્ત થતી જાય. પાંચ આજ્ઞા પાળવાથી ઐશ્વર્ય વ્યક્ત થાય. બધી જાત જાતની શક્તિઓ પ્રગટ થાય. આજ્ઞા પાળવા ઉપર આધાર છે.

**પ્રશ્નકર્તા :** આપ ઘણીવાર કહો છો, કે પાંચ આજ્ઞામાં રહે તો અમારી વિશેષ કૃપા ઉતરે.

**દાદાશ્રી :** અમારી આજ્ઞામાં જેટલો રહે એટલી કૃપા ઊતરે.

**પ્રશ્નકર્તા :** એ વિશેષ કૃપા એટલે શું ?

**દાદાશ્રી :** વિશેષ એટલે સંપૂર્ણ, કામ નીકળી જાય.

**પ્રશ્નકર્તા :** આ જે વિશેષ કૃપા ઉતરે છે તે આ દાદા ભગવાનની ઉતરે છે કે આપણી મહીં જે છે એ દાદા ભગવાનની ઉતરે છે ?

**દાદાશ્રી :** મારી નહીં, દાદા ભગવાનની. હું તો કહું, કે આવી સરસ આજ્ઞા પાળે છે, કૃપા ઉતારો.

'દાદા, અમારા સંસારનો ભાર તમારા માથે ને તમારી આજ્ઞા અમારા માથે !' આપણે તો આવું બોલવું.

**પ્રશ્નકર્તા :** આપની પાંચ આજ્ઞામાં હું બરાબર રહું છું કે નહીં, એ જરા કહો ને !

**દાદાશ્રી :** રહો છો ને બરોબર, એટલે સારી રીતે રહો છો. વઢવા જેવા નહીં, વઢવું ના પડે. સારી રીતે આજ્ઞામાં રહે છે એટલે બહુ થઈ ગયું. હવે એ કહે છે પૂરેપૂરી આજ્ઞા પાળું છું ! ત્યારે હું કહું, 'વઢવા જેવા નથી.'

**પ્રશ્નકર્તા :** હા, એ તો અમને ખબર છે કે પૂરેપૂરી આજ્ઞા પાળવું કંઈ સહેલું છે !

**દાદાશ્રી :** અરે, એ તો કંઈ લાડવા ખાવાના ખેલ છે ? નહીં તો ખુદ ભગવાન મહાવીર જ થઈ જાય. એ આજ્ઞા મેં આપેલી છે અને મારું જ છે અને હું નિરંતર આજ્ઞામાં જ હોઉં ને ! મેં આપેલી છે, પણ છતાં હું મહાવીર ના થઈ શકું. પણ એ મહાવીર થઈ શકે. કારણ કે આશ્રય મારો છે ને ! એટલે આશ્રયદાતા પોતે એમાં ના આવે પદમાં, પેલો પદમાં આવી જાય.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે, દાદા ?

**દાદાશ્રી :** હા. જો પૂરી આજ્ઞા પાળે તો મહાવીર જેવી એમની દશા હોય ! એમને મારા કરતાં ઊંચી દશા હોય ! અમારા પાંચ વાક્યોમાં રહે તે ભગવાન મહાવીર જેવા રહી શકે !

### દાદાએ આપી મહાવીર પ્રભુ જેવી શુદ્ધ દૃષ્ટિ

ચંદુભાઈ શું કરે છે, એને આપણે જોયા કરવાનું. ભગવાન મહાવીર એક જ કામ કરતા'તા આખો દા'ડો, એક જ પુદ્‌ગલને જો જો જ કર્યા કરતા'તા. ક્યાં ક્યાં મહીં પરિવર્તન થાય છે, બીજું શું સ્પંદન થાય છે, બધું જોયા જ કરે મહીં. આંખની પાંપણ હાલ્યા કરે તેય જોયા કરે. હવે એ જે ભગવાન મહાવીર જોતા'તા ને, તે લોક જુએ છે તેના કરતા જુદું જોતા'તા. લોક તો આ ઈન્દ્રિય દૃષ્ટિથી જુએ છે અને ભગવાન અતીન્દ્રિય દૃષ્ટિથી જોતા'તા. જે ઈન્દ્રિય દૃષ્ટિવાળાને નથી દેખાતું, એ બધો ભાગ ભગવાનને દેખાતો'તો.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જોયા કરવાની જે વાત આમ કહીએ છીએ પણ ખરેખર તો મોટામાં મોટો પુરુષાર્થ તો એ જ થયેલો છે. જ્ઞાતા-દ્રષ્ટામાં રહેવાનું અને પેલું જોયા કરવાનું.

**દાદાશ્રી :** એ છેલ્લો પુરુષાર્થ, ભગવાન મહાવીર કરતા હતા તે.

એક આચાર્ય મહારાજે પૂછ્યું કે 'ભગવાન, તમે શું જોયા કરો છો બધું ?' ત્યારે ભગવાન કહે, 'હું તો પુદ્‌ગલને જ જોયા કરું છું.' બીજું બધું તો આ આંખેથી જ દેખાય છે. એ કંઈ જોયા કર્યું ના કહેવાય. મેં તો તમને રસ્તો દેખાડ્યો છે જોવાનો. કારણ કે પુદ્‌ગલ જોવાનું તમને હજુ ફાવે નહીં બરોબર. એટલે મેં શું કહ્યું કે રિયલ ને રિલેટિવ જુઓ. બહાર દરેક રિલેટિવ દેખાયને તેની મહીં રિયલ જુઓ તો ત્રણ કલાક જોતા જોતા જાઓ ને, તો સમાધિ એવી સુંદર રહે ! ત્રણ કલાક નહીં, એક કલાક જ જુઓ તોય પુણિયા શ્રાવક જેવી સમાધિ રહે.

અને બીજા જોડે વ્યવહાર કરો ને, તો કોઈ ગાળો ભાંડતો હોય તેને ગાળ ભાંડનારા તરીકે જોવાવો ના જોઈએ. એને શુદ્ધાત્મા જોવો જોઈએ. કોણ ગાળ ભાંડે છે તે જોવાનું અને એ કોણ છે, તેય જોવાનું. બંને સાથે રહેવું જોઈએ આ બધું જ્ઞાન. અને આપણું જ્ઞાન રાખે એવું છે બધાને.

**પ્રશ્નકર્તા :** આપે દૃષ્ટિ આપી છે ને, દાદા.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** જો દૃષ્ટિ ના આપી હોય તો આ બધી વાત માત્ર શબ્દોમાં જ રહે.

**દાદાશ્રી :** અમે 'સ્વરૂપ જ્ઞાન' આપીએ

એટલે પ્રજ્ઞાને બેસાડી દઈએ, પછી એ પ્રજ્ઞા તમને ક્ષણે ક્ષણે ચેતવે. ભરત રાજાને તો ચોવીસેય કલાક ચેતવવા નોકરો રાખવા પડતા હતા ! જ્યારે ગમે તેવા વિકટ સંયોગો આવે ત્યારે અમારું જ્ઞાન હાજર થઈ જાય, અમારી વાણી હાજર થઈ જાય, અમે હાજર થઈ જઈએ અને તમે જાગૃતિમાં આવી જાવ ! ક્ષણે ક્ષણે જાગૃત રાખે તેવું અમારું આ 'અક્રમ જ્ઞાન' છે. આ કામ કાઢી લેવા જેવું છે ! સાંધો જો એક ફેર મેળવી લીધો હોય તો કાયમી ઉકેલ આવી જાય !

## અવ્યાબાધ સ્વરૂપી જે કિંચિત્‌માત્ર દુઃખ ના દે

ખરી રીતે તો જ્ઞાની પુરુષે જે આત્મા જાણ્યો છે ને એ આત્મા તો કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના દે એવો છે. કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ન કરે અને કોઈ એને કિંચિત્‌માત્ર દુઃખ ન દે એવો શુદ્ધાત્મા છે ખરી રીતે. પણ આપણે આ સત્સંગમાં બેસી બેસીને એ પદ આખું સમજી લેવાનું છે કે હું અવ્યાબાધ સ્વરૂપ છું. મારું સ્વરૂપ અવ્યાબાધ છે.

મારું સ્વરૂપ એવું છે કે કોઈ જીવને કિંચિત્‌માત્ર ક્યારેય પણ દુઃખ ન કરી શકે અને સામાનું સ્વરૂપ પણ એવું છે કે એને દુઃખ ક્યારેય ના થાય. એવી જ રીતે આપણને પણ સામો દુઃખ ના દઈ શકે એ અનુભવ થઈ જાય. સામાને એનો અનુભવ નથી પણ મને તો અનુભવ થઈ ગયો, પછી મારાથી દુઃખ થશે એવી શંકા ના રહે. જ્યાં સુધી સામાને મારાથી દુઃખ થાય છે એવી શંકા સહેજ પણ થાય તો તેનું પ્રતિક્રમણ કરવાનું. એ શંકાનું નિવારણ કરવાનું. અને 'આપણું' તો તેનું તે જ સ્વરૂપ છે, અવ્યાબાધ ! 'જ્ઞાની પુરુષે' જે ગાદી પર બેસાડ્યા, તે ગાદી પર બેઠા બેઠા કામ કર્યા કરવાનું !

તમારે ઘરમાં બધાની જોડે પ્રેમ હોય, પણ તમને દ્વેષ આવે નહીં તો જાણવું કે ફરી બીજ પડવાનું નથી. અને દ્વેષ આવશે તો ફરી ફરી એના પર પ્રેમ પડ્યા કરશે. છતાંય આ જ્ઞાન પછી નવો કરાર ઉત્પન્ન નથી થાય એવો. નવા કરારનું તમે સમજી જજો. બીજું કશું આ બધામાં ઊંડા ઉતરશો તો બહુ ઊંડું સાયન્સ છે આ !

## નિરાલંબ સ્ટેશને બધામાં 'હું' જ જુએ

'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એ આત્મા ખરો, પણ એ તો મોંબારુ કહેવાય. હજુ તો પ્રવેશ કર્યો મોક્ષમાર્ગમાં. મુક્તિના માર્ગમાં પ્રવેશ થઈ ગયો. હવે તમારો પ્રવેશ ત્યાં પૂર્ણ થશે જ્યારે, નિરાલંબ આત્મા ભેગો થશે ત્યારે.

**પ્રશ્નકર્તા :** હવે શુદ્ધાત્મા થયા પછી બીજા કોઈ અવલંબનની જરૂર ખરી ?

**દાદાશ્રી :** ના, આ બધા અવલંબન છોડાવીને શુદ્ધાત્માનું અવલંબન આપ્યું. આ અવલંબનમાં બધું આવી જાય ને પેલા (સંસારના) અવલંબન છૂટી જાય. પછી આ અવલંબન જે રહ્યું, તે એની મેળે જ છૂટી જાય. આ શુદ્ધાત્મા એ શબ્દાવલંબન છે. તે શબ્દેય એની મેળે છૂટી જઈ અને નિરાલંબ થઈ જવાશે.

**પ્રશ્નકર્તા :** તો પછીથી એ જ્યારે અવલંબન સારામાં સારું, શ્રેષ્ઠ આપે કહ્યું, તો પછી બીજી ક્રિયાઓ ધારો કે ન થાય તો વાંધો ખરો ?

**દાદાશ્રી :** ના, આ તો કશું ન થાય તેનો વાંધો નહીં અને થાય તેમાં તન્મયાકાર થઈને છે તે ઘસડાવું નહીં, મહીં જોયા કરીએ.

કેટલાય અવલંબન છોડતો છોડતો જશે, ત્યારે નિરાલંબ આત્મા ઉત્પન્ન (પ્રાપ્ત) થાય છે. જેને કેવળ આત્મા કહેવાય છે. તે ત્યાં આગળ વાત પૂર્ણાહુતિ થાય છે. કેટલાય સ્ટેશન જાય ત્યારે પછી છેલ્લું સ્ટેશન નિરાલંબનું આવે. અને તે તમને આવી જ જવાનું છે. ઉતાવળ કરવાની

કંઈ જરૂર નથી. અને ઉતાવળ કરવી હોય તો 'હું' 'હું' જોતા જોતા ચાલજો ને બધામાં, 'મૈં હું, મૈં હું, મૈં હું' મોઢામાં, મનમાં, ચિત્તમાં !

**હું હી, હું હી... શરૂ થઈ અભેદતાની શ્રેણી**

બાકી 'તું હી... તું હી... તું હી' ગા ગા કરે, તેને બદલે હવે 'શુદ્ધાત્મા છું' ગાય કે ના ગાય ? હું તો આપણા મહાત્માઓને ઘણી વખતે દેખાડું છું. બહાર આમ ગાડીમાં ફરતા હોય ને, ત્યારે 'હું હી, હું હી' બોલતા બોલતા જાવ. 'હું જ છું, હું જ છું.' તમે શુદ્ધાત્મા છો ને એય બધા શુદ્ધાત્મા છે એમ જોતા જોતા જાવ. તો પછી 'હું'-'તું'નો ભેદ ના રહ્યો ને 'હું'-'તું' નો ભેદ છે ત્યાં આગળ જુદું છે અને ભેદબુદ્ધિથી થાય છે.

**પ્રશ્નકર્તા :** દેહાધ્યાસ જેટલો ઓછો થાય એટલો ભેદ ઓછો થાય !

**દાદાશ્રી :** હા, ભેદ ઓછો થતો જાય. આ ભેદ જ કાઢવાનો છે ને !

**અભેદતાની પ્રાપ્તિ એટલે શું ?**

**પ્રશ્નકર્તા :** 'સંપૂર્ણ અભેદતા પ્રાપ્ત થાઓ' એવું ચરણ વિધિમાં અમે માંગીએ છીએ ને, તો એ અભેદતા એટલે શું ?

**દાદાશ્રી :** અભેદતા એટલે તન્મયાકાર. આપણે ભગવાન જોડે એક થઈ જઈએ. અત્યારે જે જુદા છે ને, શુદ્ધાત્મા ને તમારે ભેદ કેટલો છે કે અત્યારે પ્રતીતિએ કરીને શુદ્ધાત્મા થયા. શ્રદ્ધા સંપૂર્ણ બેસી ગઈ, 'હું શુદ્ધાત્મા છું' એની ખાત્રી થઈ. થોડો અનુભવ થયો પણ તે રૂપ થયા નથી. એટલે તે રૂપ કરી દો, એવું ભગવાનને કહે છે એ અભેદતા.

**પ્રશ્નકર્તા :** એટલે બિલકુલ ભેદ નહીં.

**દાદાશ્રી :** હજુ ભેદ છે, મારે તમને હજુ શુદ્ધાત્મા કરવા પડે છે. પછી કરવા ના પડે, અભેદ થવાનું.

**પ્રશ્નકર્તા :** 'શુદ્ધાત્મા' જોડે અભેદ 'અહંકાર' થાય છે ને ?

**દાદાશ્રી :** ના, અહંકાર નહીં. વ્યવહાર નિકાલ કરવા માટે જે આ પ્રજ્ઞા જુદી પડી, તે હવે એક થઈ જાય, એટલે કામ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** કોણ કોની જોડે અભેદ થાય છે ?

**દાદાશ્રી :** પ્રજ્ઞા ને શુદ્ધાત્મા (મૂળ આત્મા). બે જુદા છે તે એક થઈ જાય. અત્યારે 'હું'પણું પ્રજ્ઞામાં વર્તે છે. આપણે જે વર્તીએ છીએ, તે પ્રજ્ઞામાં વર્તીએ છીએ. હવે અહંકારમાં વર્તતા નથી. એટલે 'હું' ચંદુભાઈમાં વર્તતો હતો, ત્યારે અહંકારમાં કહેવાય. અત્યારે પ્રજ્ઞામાં વર્તીએ છીએ. એટલે નથી શુદ્ધાત્મા (મૂળ આત્મા), એટલે 'અંતરાત્મા' જેને કહેવામાં આવે છે.

આ અમારી પ્રજ્ઞા લગભગ આત્મામાં સ્થિર થઈ ગયા જેવી જ હોય. એટલે અમારે 'શુદ્ધાત્મા' બોલવું ના પડે કે કશું વિચારવું ના પડે. અને તે રૂપે અભેદતા જેવું જ લાગે. સહેજ ચાર ટકાએ કરીને બાકી છે. અને તમારે અભેદ થવાનું છે. ધીમે ધીમે રહીને આ ફાઈલોનો જેમ જેમ નિકાલ થતો જાય, તેમ તેમ અભેદ થતો જાય. ફાઈલોનો પૂરેપૂરો નિકાલ થઈ ગયો કે અભેદ થઈ ગયો. આ બધી ફાઈલોની જ ભાંજગડ છે. પણ 'એ' અત્યારે છે તે પ્રજ્ઞા સ્વરૂપે છે અને પ્રજ્ઞા એ ભગવાન (આત્મા)નો અમુક ભાગ છે. જ્યારે કામ પૂરું થઈ જશે એટલે એક થઈ જશે પાછી. ભગવાન ને આત્મા એક જ. એ આત્મા જ્યારે ભૌતિકમાંથી છૂટી અને પોતાના સ્વરૂપમાં જ રહે છે ત્યારે પરમાત્મા કહેવાય છે. નિરંતર સ્વરૂપની રમણતા એ જ પરમાત્મા અને જ્યાં સુધી સ્વરૂપની રમણતાય ખરી અને આય રમણતા ખરી, ત્યાં સુધી અંતરાત્મા, એ જ પ્રજ્ઞા !

## 'રોંગ બિલીફ' મટ્યે, ભગવાનમાં અભેદ

**પ્રશ્નકર્તા :** જો શુદ્ધાત્મા એ જ ભગવાન છે, પોતાની મહીં જ છે, તો પછી એ દૂર કશે હોય જ નહીં ને ?

**દાદાશ્રી :** હા. બસ, મહીં છે એ જ ભગવાન છે, બીજા કોઈ ભગવાન આ જગતમાં છે નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી એ ભગવાન જોડે પોતાને ભેદ ના હોય ને ?

**દાદાશ્રી :** પણ અત્યારે તો 'તમને' ભેદ છે. અભેદ થાય તો જ 'ભગવાન' તમને ભેગા થાય એવા છે. પણ 'તમારે' તો 'ચંદુભાઈ' થવું છે અને 'કોઈ બાઈના ધણી થવું છે, છોકરાના બાપ થવું છે, કોઈના મામા થવું છે, કોઈના કાકા થવું છે.' તો પછી ભગવાન 'તમને' ભેગા થાય જ નહીં ને ! 'તમે' ભગવાનના થાવ તો 'એ' 'તમારી' જોડે અભેદ થઈ જાય. 'તમે' 'શુદ્ધાત્મા' થયા, ભગવાનના થયા તો 'તમે' અભેદ થઈ જાવ. આ તો ભેદ 'તમે' પાડ્યો છે, ભગવાને ભેદ નથી પાડ્યો. 'આ બાઈનો ધણી થઉં છું' એવું કહ્યું, એટલે ભગવાન કહે છે, 'જા, ધણી થા.' તે આમ ભગવાન જોડે ભેદ પડ્યો.

તમારું કહેવું ખરું છે કે આ ભેદ કેમ પડી ગયો ? વાત તો ખરી જ છે ને ! ભેદ તો એવું છે ને, ભગવાન તો પોતે મહીં જ છે, પણ કેમ એકતા નથી લાગતી ? ભગવાનની કદી પરવા જ નથી કરીને ! એણે તો 'આ મારી વાઈફ ને આ મારો છોકરો, ને આ મારો ભાઈ, આ મારો મામો' એ બધાની જ એને પડેલી છે. ભગવાનની 'એને' પડેલી નથી. અરે, ભગવાનની કોઈનેય પડેલી નથી. ભગતનેય ભગવાનની નથી પડેલી. ભગતને તો છબલીકાં ને એય બધું તાનમાં ને તાનમાં, મસ્તીમાં રહ્યા છે. ભગવાનની કોઈનેય પડેલી નથી. એ ભગવાન તો મને રોજ કહે છે કે 'કોઈને મારી પડેલી નથી.' કોઈ ચાના તાનમાં, કોઈ ગાંજાના તાનમાં, કોઈ કશાના તાનમાં, કોઈ વ્હીસ્કીના તાનમાં, કોઈ વાઈફના તાનમાં, તો કોઈ લક્ષ્મીના તાનમાં, બસ, તાનમાં ને તાનમાં પડેલું છે આ જગત !

## શુદ્ધાત્મા ભગવાનને પ્રાર્થના

તને ગમે છે અંદરના ભગવાન ? મહીં બેઠા છે. એનું નામ શું ? અંતર્યામી ભગવાન. એમને પ્રાર્થના કરવી કે હે અંતર્યામી ભગવાન, મને મનની મજબૂતી આપો, તો મજબૂતી આપશે. અને શ્રદ્ધા પણ આપો, તો તે આપશે. હવે અંતર્યામી ભગવાનની પ્રાર્થના કરવાની છે. આપણે બહારના ભગવાનની તપાસ ના કરીશ તું, અંદરના ભગવાનની તપાસ કર.

હે અંતર્યામી પરમાત્મા ! આપ દરેક જીવમાત્રમાં બિરાજમાન છો તેમજ મારામાં પણ બિરાજેલા છો. આપનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે. મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે. હે શુદ્ધાત્મા ભગવાન ! હું આપને અભેદ ભાવે અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. અજ્ઞાનતાએ કરીને મેં જે જે (જે દોષો થયા હોય તે મનમાં જાહેર કરવા) દોષો કર્યા છે, તે સર્વ દોષોને આપની સમક્ષ જાહેર કરું છું. તેનો હૃદયપૂર્વક ખૂબ પસ્તાવો કરું છું અને આપની પાસે ક્ષમા પ્રાર્થું છું. હે પ્રભુ ! મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો અને ફરી એવા દોષો ના કરું એવી આપ મને શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો !

હે શુદ્ધાત્મા ભગવાન ! આપ એવી કૃપા કરો કે અમને ભેદભાવ છૂટી જાય અને અભેદ સ્વરૂપ પ્રાપ્ત થાય. અમે તમારામાં અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ.

હવે ભગવાનની જોડે એકાકાર થઈ ગયા કે થઈ ગયું બધું અભેદ. અને એ અભેદ થવાને માટે આ બધું 'વિજ્ઞાન' છે. આખું જગત ભગવાનને ખોળે છે અને તે અભેદ થવા માટે ખોળે છે.

**- જય સચ્ચિદાનંદ**

# દાદાઈ આપ્તસૂત્રો

* બધાનામાં શુદ્ધાત્મા જોઈએ, એ જ વિશ્વમૈત્રીભાવ !

* પ્રભુનું સામ્રાજ્ય, શુદ્ધાત્માનું સામ્રાજ્ય હોય ત્યાં કશું આઘુંપાછું થાય નહીં. પેટમાં પાણીય હાલે નહીં. તાવ આવે, દેહ જવાનો થાય, દેહ રહેવાનો થાય તોય મહીં હાલે નહીં. કશી ડખલ જ નહીં. પોતાનું શું જવાનું ? જાય તો પાડોશીનું જાય !

* આ તમને 'શુદ્ધાત્મા' 'અમે' આપ્યો છે તે 'ફર્સ્ટ સ્ટેપ' છે. એની આગળ તો ઘણું છે. પછી શુદ્ધાત્માનું સ્વરૂપ એના ગુણ સાથે પ્રગટ થાય !

* શુદ્ધાત્મામાં અહમ્ નથી આવતો. જ્યાં પોતે જ છે ત્યાં અહમ્ શેનો ? આરોપિત જગ્યાએ 'હું છું' કહે, તે અહંકાર કહેવાય.

* શુદ્ધાત્મા પોતે સ્વભાવથી જ 'અસંગ' છે. પછી એને આપણે અસંગ કરવા ક્યાં જવાનું ?

* 'શુદ્ધાત્મા' એ કંઈ પરમાત્મા નથી. 'શુદ્ધાત્મા' તો પરમાત્માના યાર્ડમાં આવેલું સ્થાન છે ! 'તમને' (મહાત્માઓને) શુદ્ધાત્મપદ કેમ આપવામાં આવ્યું છે ? 'તમે' 'શુદ્ધાત્મા', અને 'ચંદુલાલ' જે કંઈ પણ કરે છે, તેના 'તમે' 'રીસ્પોન્સિબલ' નથી એવી ખાતરી થાય. સારું કરો તેનોય ડાઘ નથી પડતો ને ખોટું કરો તેનોય ડાઘ નથી પડતો, 'કર્તાપદ જ મારું ન્હોય' એ શુદ્ધાત્માનું લક્ષ બેઠું કહેવાય.

* 'શુદ્ધાત્મા' શબ્દ એ તો ખાલી સંજ્ઞા જ છે. એનાથી 'હું શુદ્ધ જ છું, ત્રણે કાળ શુદ્ધ જ છું', એ સંજ્ઞામાં રહેવાય. શુદ્ધતા માટે નિઃશંકપણું ઉત્પન્ન થાય. ત્યાર પછીનું પદ એટલે 'કેવળ જ્ઞાનસ્વરૂપ' 'આપણું' !

* તમે (મહાત્માઓ) 'શુદ્ધાત્મા' તરીકે રહો, અમે 'કેવળ જ્ઞાન' તરીકે રહીએ !

* ઘણાં બોલે છે કે 'અમે જ્ઞાતા-દ્રષ્ટા છીએ', અલ્યા, શાનો જ્ઞાતા-દ્રષ્ટા ? 'તું' તો હજી 'ચંદુભાઈ' છે ને ! 'આત્મા' થયા પછી, આત્માનું લક્ષ બેઠાં પછી જ્ઞાતા-દ્રષ્ટા પદ શરૂ થાય.

* જેને તમે જ્ઞાતા માની બેઠા છો, એ જો જ્ઞેયરૂપે સમજાશે તો તમે જ્ઞાતા થશો !

* બધી જ ક્રિયાઓના જ્ઞાતા-દ્રષ્ટા રહો તો બધી જ ક્રિયાઓ ગલન સ્વરૂપ છે. કુટેવો ને સુટેવો બધું જ ગલન સ્વરૂપ છે.

* 'પુદ્‌ગલ'ને જ જાણવું ને સમજવું, એનું નામ 'જ્ઞાતા.'

* અત્યારે તમારી મહીં ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષનું સામ્રાજ્ય છે. 'જ્ઞાની પુરુષ' આ બધાને 'ગેટ આઉટ' કરી દે ! અને આત્મારૂપી ભગવાન, 'પોતાનું' સામ્રાજ્ય સ્થાપી દે ! ત્યારે 'પોતે' જ્ઞાતા-દ્રષ્ટા પદમાં આવે !

* બહાર સન્નેપાત થયેલો હોય, તેનો વીતરાગોને વાંધો નથી. અંદર જ્ઞાતા-દ્રષ્ટા રહે છે કે નહીં એટલું જ જોવાનું.

* જ્ઞાયકતા એ સ્વરમણતા છે.

* શુદ્ધાત્માનો જ્ઞાયક સ્વભાવ છે ! એ સ્વભાવનું ફળ શું ? પરમાનંદ !

* જ્ઞાયક ભાવ સિવાય બીજો કોઈ ભાવ નથી, એનું નામ કેવળ જ્ઞાન.
* જાણ્યું કશું નથી અને જાણ્યાનો રોગ પેસી જાય, તે બહુ મોટો રોગી. જાણ્યાનું ફળ શું ? ભમરડાને રમાડવાના બંધ થાય અને આત્માને રમાડે. રોગી તો જાણ્યાનો અહંકાર જ કરે છે.
* 'હું જાણું છું' એ જ મોટું ભૂત છે ! 'આ મારું છે' એ મોટી વળગાડ છે !
* આ બધાં શાસ્ત્રો બ્રહ્મને જાણવા માટે લખ્યાં છે. અને બ્રહ્મ પ્રાપ્તિ થઈ નહીં ને અનંત અવતારથી ભટક, ભટક, ભટક, ભટક કરે છે. પોતાનું અજ્ઞાન જાય નહીં, ત્યાં સુધી ઉકેલ આવે નહીં. આ તો બધી કલ્પના છે. લોકોએ જે કલ્પના ચીતરી છે તે કલ્પનાનો પાર નથી આવે એવો !
* વાંચવાથી વિકલ્પ ના જાય, જાણવાથી વિકલ્પ જાય !
* શાસ્ત્રો જાણવા માટે લખ્યાં છે. જે જાણવા માટે હોય, તે કરવા માટે ના હોય. 'મારાથી થતું નથી, મારાથી થતું નથી' એમ કરી નાખ્યું છે. 'ઝેર ખાવાથી મરી જવાય છે' એ જ્ઞાનને તું જાણ, બીજું કરવાનું નથી. જે જ્ઞાન ક્રિયામાં આવે તે સાચું. જે જ્ઞાન વર્તનમાં ના આવે તેને શું કરવાનું ?
* શબ્દથી આત્મા જાણે ત્યારથી ફાયદો થવાની શરૂઆત થાય. શાસ્ત્રમાં શબ્દ આત્મા હોય. દરઅસલ આત્મા 'જ્ઞાની'માં છે !
* 'હું જાણું છું' એવું માને એટલે આવરણ ચઢે, જિજ્ઞાસાવૃત્તિ તૂટે.
* 'હું કંઈક જાણું છું' એવો જરાક વિચાર આવે, તે પાછી અજાગૃતિ લાવી નાખે.

---

**<u>આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈને આત્મજ્ઞાન લીધાને ૫૦ વર્ષ પૂર્ણ</u>**

તા. ૬ માર્ચ ૨૦૨૧ - વિશેષ ઓનલાઇન કાર્યક્રમ

- વધુ વિગત Akonnect દ્વારા જણાવવામાં આવશે.

---

**<u>વિશેષ નિવેદન</u>**

કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન પરિસ્થિતિમાં પૂજ્યશ્રી દીપકભાઈના જાહેર સત્સંગ કાર્યક્રમો મહાત્માઓની હાજરીમાં સ્થગિત છે. જે ભવિષ્યમાં પરિસ્થિતિ સામાન્ય થયા બાદ યોજવામાં આવશે. મહામારીને ધ્યાનમાં રાખી ઓનલાઇન ઈન્ટરનેટ દ્વારા સત્સંગો તેમજ ઉત્સવોની ઉજવણી ચાલુ રહેશે.

---

**<u>દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના</u>**

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**<u>08-2028</u>** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ;
**મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ;
**અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦ **(ફરીથી શરૂ)**
- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ રાત્રે ૯ થી ૧૦ **(ફરીથી શરૂ)**
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- 'दूरदर्शन उत्तरप्रदेश' पर हर रोज सुबह 7-30 से 8 ( हिन्दी में ) ( फिर से शुरु )
- 'दूरदर्शन उत्तरप्रदेश' पर हर रोज रात 8-30 से 9-30 ( हिन्दी में ) ( फिर से शुरु )
- 'साधना' पर हर रोज सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 ( हिन्दी में )
- 'उड़ीसा प्लस' पर हर रोज सुबह 7-30 से 8 ( हिन्दी में - केवल उड़ीसा राज्य में )
- 'दूरदर्शन सह्याद्रि' पर हर रोज सुबह 7 से 7-30 ( मराठी में ) ( फिर से शुरु )
- 'आस्था कन्नड़ा' पर हर रोज दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 ( कन्नड़ा में ) ( नया )

## USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'Rishtey'** पर हर रोज सुबह 7 से 7-30 तथा 8 से 8-30 EST (हिन्दी में)

## U K

- **'वीनस'** टीवी पर हर रोज सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'Rishtey'** पर हर रोज सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30 am GMT)

## Australia

- **'Rishtey'** पर हर रोज सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
(ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

ફેબ્રુઆરી ૨૦૨૧
વર્ષ-૨૬, અંક-૬
સળંગ અંક-૩૦૬

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## શુદ્ધાત્મામાં ઉપયોગ વ્યવહારમાં બધે જ હેલ્પફુલ થાય

આ મેં તમને જ્ઞાન આપ્યું ને એટલે હવે તમે શુદ્ધાત્મા થયા. એટલે આ મન-વચન-કાયા અને 'ચંદુભાઈ'ના નામની જે જે માયા હોય, એ બધી 'વ્યવસ્થિત'ને તાબે છે. મહીં પ્રેરણા 'વ્યવસ્થિત' આપશે. એટલે તમારે તો 'હું શુદ્ધાત્મા છું' એમાં તમે રહો. અને આ 'ચંદુભાઈ'નું શું થયા કરે છે, 'ચંદુભાઈ' શું કરે છે એ તમે જોયા કરો. બસ આટલું થઈ ગયું એટલે 'તમે' પૂર્ણ થયા. બેઉ પોતપોતાનું કામ કર્યા કરે, 'ચંદુભાઈ' 'ચંદુભાઈ'નું કામ કરે. હવે શુદ્ધાત્મામાં ઉપયોગ હશે તો તે બધી જગ્યાએ હેલ્પ કરશે. ખવાય, પીવાય, ધંધો થાય ત્યાં બધે 'હેલ્પ' થશે. કારણ કે (પ્રતિષ્ઠિત) આત્મા આમાં બીજું કશું કરતો નથી, ખાલી ડખલ જ કર્યા કરે છે.

**- દાદાશ્રી**



માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.